Tuesday, 03 March 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૮ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ પૂનમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



જ્યાં સુધી કોઈ હિંસા હોય, ત્યાં સુધી અમે શાંતિને ન સમજી શકીએ.
- મહાત્મા ગાંધીજી

વડાપ્રધાન નરેન્દ્રાઈ મોદીના 'ફિટ ઈન્ડિયા' સંકલ્પને સાકાર કરવાના હેતુથી

## સંઘપ્રદેશ રમત-ગમત વિભાગ દ્વારા ૧૩ થી ૧૫ માર્ચ દરમિયાન ખાનવેલમાં 'ફિટ ઈન્ડિયા' ફૂટબોલ અને મલ્લખંભ સ્પર્ધાનું આયોજન

**ફૂટબોલ સ્પર્ધા ૧૩ થી ૧૫ માર્ચ, ૨૦૨૬ દરમિયાન, મહિલા વર્ગ માટે સવારે ૮:૦૦ વાગ્યે અને પુરુષ વિભાગ માટે સાંજે ૪:૦૦ વાગ્યે, ખેલો ઇન્ડિયા સેન્ટર, ચૌડા ગ્રાઉન્ડ, ખાનવેલ ખાતે યોજાશેઃ મલ્લખંભ સ્પર્ધા ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે બિરસા મુંડા સ્કૂલ, ખાનવેલ ખાતે યોજાશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૨**

વડાપ્રધાન નરેન્દ્રાઈ મોદીના 'ફિટ ઈન્ડિયા' સંકલ્પને સાકાર કરવા માટે, ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, દેશભરમાં 'ફિટ ઈન્ડિયા અભિયાન' અમલમાં મૂકી રહ્યું છે. આ પહેલને અનુરૂપ, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના રમત-ગમત વિભાગ દ્વારા માર્ચ ૨૦૨૬માં ખાનવેલમાં 'ફિટ ઈન્ડિયા' ફૂટબોલ અને મલ્લખંભ સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ સ્પર્ધાનું આયોજન કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહી છે. રમત-ગમત અને યુવા બાબતો અને શિક્ષણ સચિવ ડૉ. અરુણ ટી.ના માર્ગદર્શન અને રમત-ગમત નિયામક શ્રી અરુણ ગુપ્તાના સમર્થન હેઠળ, આ કાર્યક્રમની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. ભારતીય રમત-ગમત સત્તામંડળ પણ આ કાર્યક્રમ માટે સમર્થન પૂરું પાડી રહ્યું છે.

આ ફૂટબોલ સ્પર્ધા ૧૩ થી ૧૫ માર્ચ, ૨૦૨૬ દરમિયાન, મહિલા વર્ગ માટે સવારે ૮:૦૦ વાગ્યે અને પુરુષો વર્ગ માટે સાંજે ૪:૦૦ વાગ્યે, ખેલો ઈન્ડિયા સેન્ટર, ચૌડા ગ્રાઉન્ડ, ખાનવેલ ખાતે યોજાશે. મલ્લખંભ સ્પર્ધા ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે બિરસા મુંડા સ્કૂલ, ખાનવેલ ખાતે યોજાશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોની રમત પ્રતિભાઓને પ્લેટફોર્મ પૂરું પાડવાનો અને યુવાનોમાં શારીરિક શક્તિ, સંતુલન, સુગમતા, હિંમત અને શિસ્ત વિકસાવવાનો છે.

વિભાગના નોડલ અધિકારી, શ્રી અક્ષય કોટલવારે, તમામ ખેલાડીઓ અને વાલીઓને આ સ્પર્ધાને સફળ બનાવવા અને સ્વસ્થ અને મજબૂત ભારત બનાવવા માટે સક્રિયપણે યોગદાન આપવા માટે મોટી સંખ્યામાં ભાગ લેવા અપીલ કરી છે. કેન્દ્ર શાસિત પ્રદેશ વહીવટીતંત્રે તમામ રમતપ્રેમીઓને પણ ભાગ લેવાની ખાતરી કરવા વિનંતી કરી છે. વધુ માહિતી માટે, ફૂટબોલ કોચ શ્રી જીતુ ગાવિત (મોબાઈલ ૭૦૯૬ ૫૯૬૮૦૦) અને મલ્લખંમ્બ કોચ શ્રી શુભમ આહેર (મોબાઈલ ૯૬૭૩૧ ૦૬૩૪૧)નો સંપર્ક કરવા સંઘપ્રદેશના રમત-ગમત વિભાગ દ્વારા જણાવાયું છે.

## દમણમાં જિલ્લા સ્તરીય 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ-૨૦૨૬' સફળતાપૂર્વક યોજાઈ

**પસંદગી પામેલા ૧૦ યુવા સ્પર્ધકો હવે યુ.ટી. સ્તરની યુવા સંસદ પ્રતિયોગિતામાં ભાગ લેશે**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૨**

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના માર્ગદર્શનમાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રશાસન દ્વારા 'વિકસિત ભારત-યુથ પાર્લામેન્ટ-૨૦૨૬'ના જિલ્લા સ્તરીય કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન દમણની ગવર્નમેન્ટ એન્જિનિયરીંગ કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સંઘપ્રદેશ પ્રશાસનના યુવા કાર્યક્રમ અને ખેલ વિભાગના નિર્દેશક સહ સંયુક્ત સચિવ શ્રી અરૂણ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યક્રમની અધ્યક્ષતા એન્જિનિયરીંગ કોલેજના પ્રિન્સિપાલ શ્રી અવિનાશ ચૌધરીએ કરી હતી.

નિર્ણાયક મંડળમાં ડો. પુખરાજ વાંગિડ, ડો. ભાવેશ વાળા, ડો. આર. આર. જોષી, ડો. ધર્મપાલ મેશ્રામ અને શ્રી અંકિત સિંહે જવાબદારી સંભાળી હતી. જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના યુવાનોએ 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ-૨૦૨૬'માં મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર યુવાનોએ સંસદની કાર્યવાહીની તર્જ ઉપર વિવિધ રાષ્ટ્રીય અને સમસામાયિક વિષય ઉપર પોતાના વિચારો પ્રભાવશાળી ઢંગથી રજૂ કર્યા હતા. નિર્ણાયકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધાર ઉપર વિજેતાઓની પસંદગી કરી હતી. વિજેતાઓ અને અન્ય ૧૦ સ્પર્ધકોને પુરસ્કાર અને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યા હતા. પસંદગી પામેલ ૧૦ સ્પર્ધકો હવે યુ.ટી. સ્તરની યુવા સંસદ પ્રતિયોગિતામાં ભાગ લેશે.

કાર્યક્રમનો ઉદ્દેશ યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, સંવાદ કૌશલ્ય અને લોકતાંત્રિક મૂલ્યોની સમજ વિકસિત કરવાનો છે.

## દાનહ અને દમણ-દીવમાં શહેરી વિસ્તાર સહિત વિવિધ ગામડાઓમાં 'હોલીકા દહન'ના કાર્યક્રમો યોજાયા







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સેલવાસ, દમણ, દીવ, તા.૦૨ :** આજે હુતાશની પૂર્ણિમાના દિવસે સાંજના સમયે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં શહેરી વિસ્તાર સહિત ત્રણેય જિલ્લાના વિવિધ ગામડાઓના ફળિયે ફળિયે અને શેરીએ શેરીએ તથા દાનહના વિવિધપાડાઓમાં હોળી પ્રગટાવી હોલિકા દહનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સેલવાસ અને દમણ તથા દીવ શહેરમાં અને ગામના લોકોએ લાકડા, છાણા વગેરે ભેગા કરી હોળી પ્રગટાવીને હોલીકાનું દહન કર્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સેલવાસના સરસ્વતી ચોક પાસે, કિલવણી નાકા, ભસતા ફળિયા, બહુમાળી રાધાકૃષ્ણ સોસાયટી ટોકરખાડા સહિત નરોલી ગામે ભવાની મંદિરની બાજુમાં, તેમજ દાદરા, ખાનવેલ, રાંધા, બોન્તા, દૂધની, માંદોની, સિંદોની સહિતના ગામના વિવિધ ફળિયા/પાડાઓમાં હોળીની ફરતે આગેવાન માણસોએ ભક્તિ સાથે ધાણી કેરીના મોરવા હોરીહાઈડા હોળીમાં નાખી પૂજા અર્ચના કરી અને ફેરા ફરી હોલીકાનું દહન કર્યું હતું.

**ભારત સરકારના ન્યાય વિભાગની ડિજિટલ પહેલ**

## હવે કાનૂની સલાહ માટે કોર્ટની મુલાકાત લેવાની જરૂર નથીઃ ફક્ત એક કોલ ઉપર મળશે કાયદાકીય મદદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૨**

જીવનમાં ઘણી વખત લોકો એવી પરિસ્થિતિઓમાં પડે છે જેમાં કાનૂની સલાહની જરૂર પડે છે. પરંતુ દરેક પાસે વકીલની ભારે ફી ચૂકવવા માટે પૈસા નથી હોતા. ઘણા લોકો ફક્ત માહિતીના અભાવે ડરી જાય છે અથવા ખોટો નિર્ણય લે છે. દરેક વિવાદ કોર્ટ સુધી પહોંચે તે જરૂરી નથી. તેથી યોગ્ય સમયે યોગ્ય સલાહ મેળવવાથી અડધી સમસ્યા હલ થઈ શકે છે.

આ માટે સરકારે એક સુવિધા શરૂ કરી છે જ્યાં તમારા ઘરના આરામથી કાનૂની સલાહ મેળવી શકાય છે. લાંબી લાઈનો નહીં, ઓફિસોમાં વારંવાર મુલાકાત લેવાની જરૂર નથી. ફક્ત એક કૉલ અથવા વીડિયો કનેક્શન અને તમે વકીલ સાથે સીધી વાત કરી શકો છો. આ પહેલનો હેતુ સામાન્ય લોકો, ખાસ કરીને દૂરના વિસ્તારોમાં રહેતા અથવા આર્થિક રીતે વંચિત લોકો માટે કાનૂની સહાય સુલભ બનાવવાનો છે. મદદ કેવી રીતે મેળવવી તે જાણો.

તે ભારત સરકારના ન્યાય વિભાગની ડિજિટલ પહેલ છે, જે ૨૦૧૭માં શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ દાવો દાખલ કરતા પહેલા સચોટ કાનૂની સલાહ પૂરી પાડવાનો છે, જેથી નાના વિવાદો મોટા કેસોમાં ન ફેરવાય. તેનો અમલ કાયદા મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યો હતો.

તે ખાસ કરીને ગ્રામીણ અને સંવેદનશીલ સમુદાયો માટે બનાવવામાં આવ્યું છે. જેમને વકીલ સુધી પહોંચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેઓ હવે વ્યાવસાયિક માર્ગદર્શન પણ મેળવી શકે છે. આખી સિસ્ટમ ઓનલાઈન પ્લેટફોર્મ પર કાર્ય કરે છે, જેનાથી સમય અને પૈસા બંનેની બચત થાય છે.

આ સેવા હેઠળ લોકો ફોન અથવા વીડિયો કોલ મારફતે પેનલમાં રહેલા વકીલો સાથે જોડાયેલા છે. દેશભરમાં કોમન સર્વિસ સેન્ટર (CSC) આ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગામ અથવા પંચાયત સ્તરે સ્થિત આ કેન્દ્રો લોકોને જોડવામાં મદદ કરે છે. વધુમાં, મોબાઈલ યુઝર્સ માટે ટેલિ-લૉ મોબાઈલ એપ્લિકેશન છે,

- (વધુ પાના નં. ૨ પર)

**વર્તમાન પ્રવાહ**

**કાર્યાલય રજા પાળશે**

**હોળી - ધૂળેટીના તહેવાર નિમિત્તે 'વર્તમાન પ્રવાહ' કાર્યાલયમાં છુટ્ટી રહેશે અને તા.૦૬ માર્ચથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપનદાતા, એજન્ટ-ફેરિયાબંધુઓ તથા શુભેચ્છકોએ નોંધ લેવી.**

**લિ. વ્યવસ્થાપક**

Ability to offer first-to-market products with novel control technologies, built in-house, to leading OEMs and secure significant market share.

Design and supply critical, control-intensive* Electronic Control Units to major vehicle and industrial OEMs in India, USA and Europe

Cumulatively sold more than 10 million^ control-intensive* products to automotive (2W, 3W) and genset market





SEDEMAC
SEDEMAC MECHATRONICS LIMITED
www.sedemac.com

^As of December 31, 2025 (Source: CRISIL Report)
*Control-intensive products include genset controllers, ISG ECU, ISG + EFI ECU, EFI ECU, and electric vehicle motor controllers

ICE Vehicles | Electric Vehicles | e-Bikes | Generators | Power Tools | Outdoor Powered Equipment

**SEDEMAC MECHATRONICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on February 25, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.sedemac.com and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Avendus Capital Private Limited and Axis Capital Limited at www.icicisecurities.com, www.avendus.com and www.axiscapital.co.in respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "**Risk Factors**" beginning on page 33 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold in offshore transactions as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.

Adfactors 854/26




## સુવિચાર - સદ્‌વિચાર

નિષ્ફળતા એ અનુભવનું સંગ્રહાલય છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### અભિલાષાને

ઊભી રહી કહેતી જા ને બાઈ!
ક્યે ઠેકાણે જાતી અલી દોડતી ઘેલી?
ઊભી રહી કહેતી જા ને બાઈ!

પેલા આભમાં છાયેલ ચાંદરડાંને
હીરા-મોતીના ઢગલા જાણી
ઘેલી શું વીણવા ચાલી?

લાવીને પહેરશે શું તું હાર બનાવી!
ઊભી રહી કહેતી જા ને બાઈ!
કે પેલે ગગને ચડી

આસમાની સાડી ખેંચી લાવી,
વીજળીની કોર માથે મૂકી,
લાવીને ઓઢશે શું તું ચીર બનાવી!
ઊભી રહી કહેતી જા ને બાઈ!

કે પેલો સાગર જે બજાવી રહ્યો
નિશદિન નિજ નીરની વીણા,
અરે શું લેવા ચાલી?

લાવીને ગાશે શું તું ધૂન મચાવી?
ઊભી રહી કહેતી જા ને બાઈ!

કે પેલે દૂર સીમાડે
મૃગજળને દોડતાં જોઈ,
પાણી શું ભરવા ચાલી?

લાવીને પીશે શું તું ઝાંઝવા-પાણી?
ઊભી રહી કહેતી જા ને બાઈ!

- જગદીપ વીરાણી

## આજની જોક

લગ્નના બીજા જ દિવસે અચાનક બકાએ સવારના પહોરમાં પત્નીને પીટવાનું શરૂ કર્યું. લોકો ભેગા થઈ ગયા,
શું થયું, શું થયું?
બકાએ કહ્યું : આણે મારી ચા માં તાવીજ નાખી દીધું છે, મને વશમાં કરવા માટે.
બકાની બૈરી રડતાં રડતાં ગુસ્સામાં બોલી : 'ગામડિયા! એ તાવીજ નથી, ટી બેગ છે...

## કબીર વાણી

**ચક્કિ ફિરતી દેખકે, દિયા કબીરા રોય;**
**દો પુંઠ બિચ આયકે, સાબેત ગયા ન કોય.**

**- અર્થાત-**

એ રીતે, આ કાળનાં ચક્રને બધે ફરતું જોઈ, કબીરજી રડવા લાગ્યા ને કહ્યું કે જેમ ઘંટીનાં બે પડની વચ્ચે અનાજના જે દાણા આવે છે તેમાંનો કોઈ પણ દાણો આખો રહી જવા પામતો નથી, તેમ આ કાળનાં સપાટામાંથી કોઈ પણ સલામત જવા પામતું નથી.

## આજનો દિન વિશેષ

### રાઇફલમેન સંજય કુમાર

સુબેદાર સંજય કુમાર (જન્મ ૩ માર્ચ ૧૯૭૬) એક ભારતીય સૈનિક છે જેમણે કારગિલ યુદ્ધમાં એરિયા ફ્લેટ ટોપ કબજે કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમની બહાદુરી માટે, તેમને ૧૯૯૯ માં પરમવીર ચક્રથી નવાજવામાં આવ્યા હતા.



સંજય કુમારનો જન્મ ૩ માર્ચ ૧૯૭૬ના રોજ હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લાના કલોલ બાલ્કિન ગામમાં થયો હતો. સેનામાં જોડાતા પહેલા, તેઓ દિલ્હીમાં ટેક્સી ડ્રાઈવર તરીકે કામ કરતા હતા. સેનામાં જોડાતા પહેલા તેમને ત્રણ વખત નકારવામાં આવ્યા હતા.૪ અને ૫ જુલાઈના રોજ, સંજય કુમાર ૧૧ સાથીઓ સાથે કારગિલમાં મોસ્કો વેલી પોઈન્ટ ૫૮૭૫ ની સપાટ ટોચ પર તૈનાત હતા. દુશ્મન ઉપરની ટેકરી પરથી હુમલો કરી રહ્યો હતો. આ ટીમના ૧૧ સાથીઓમાંથી બે શહીદ થયા હતા જ્યારે આઠ ગંભીર રીતે ઘાયલ થયા હતા. સંજય કુમાર પણ પોતાની રાઈફલથી દુશ્મનો સામે જોરદાર લડાઈ લડી રહ્યા હતા પરંતુ એક સમય એવો આવ્યો જ્યારે સંજય કુમારની રાઈફલમાંથી ગોળીઓ ખતમ થઈ ગઈ. આ દરમિયાન, સંજય કુમારને પણ ત્રણ ગોળી વાગી, બે તેમના પગમાં અને એક તેમની પીઠમાં. સંજય કુમાર ઘાયલ થયા હતા.

## ઔષધિ : હાડકાને મજબૂત કરવા

હાડજોડ, અશ્વગંધા અને અર્જુનની છાલ હાડકાંને મજબૂત બનાવવા અને ફ્રેક્ચર મટાડવા માટે ખૂબ જ અસરકારક આયુર્વેદિક દવાઓ છે. હાડજોડ તૂટેલા હાડકાંને ઝડપથી મટાડવામાં મદદ કરે છે. વધુમાં, કેલ્શિયમ અને વિટામિન ડીની ઉણપને દૂર કરવા માટે દૂધ, ચીઝ અને તલનું સેવન કરવું જોઈએ. હાડકાના સ્વાસ્થ્ય માટે મુખ્ય આયુર્વેદિક દવાઓ : હાડજોડ (સિસસ ક્વાડ્રેંગ્યુલરિસ) અસ્થિસહર તરીકે પણ ઓળખાય છે, તે હાડકાના ફ્રેક્ચર મટાડવા માટે એક મુખ્ય ઔષધિ છે. **અશ્વગંધા** હાડકાની પેશીઓને મજબૂત બનાવે છે. **અર્જુનની છાલ** કેલ્શિયમથી ભરપૂર, જે હાડકાના ખનિજીકરણને પ્રોત્સાહન આપે છે. દૈનિક ઉપયોગ માટે પૂરક : હિમાલય રિઓસ્ટો અથવા વૈદ્યનાથ હાડજોડ ગોળીઓ.કુદરતી ઉપચાર અને પોષણ : તલના બીજ દરરોજ સવારે એક ચમચી તલ ખાઓ; તેમાં કેલ્શિયમ ભરપૂર માત્રામાં હોય છે.દૂધ અને ડેરી ઉત્પાદનો હાડકાની ઘનતા વધારવા માટે જરૂરી.વિટામિન ડી કેલ્શિયમ શોષણ સુધારવા માટે દરરોજ સવારે સૂર્યપ્રકાશ મેળવો.મીઠાનું સેવન ઓછું કરો વધુ પડતા મીઠાનું સેવન હાડકાંમાંથી કેલ્શિયમનો નાશ કરે છે, તેથી મીઠું ઓછું ખાઓ.

### ૨૧ પ્રદેશ હોદ્દેદારોની કરી નિયુક્તિ

# ગુજરાત ભાજપ યુવા મોરચાની નવી ટીમ જાહેર

## ભાજપની નવી જાહેર થયેલી ટીમમાં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાંથી કુલ ૨૧ જેટલા યુવા અગ્રણીઓને સ્થાન આપવામાં આવ્યું છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૦૨**

ભારતીય જનતા યુવા મોરચા ગુજરાત પ્રદેશ દ્વારા સંગઠનાત્મક માળખામાં મહત્વની નિમણૂકોની જાહેરાત કરવામાં આવી છે. ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના મોવડી મંડળ સાથે વિગતવાર ચર્ચા-વિચારણા કર્યા બાદ ભાજપના યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ ડૉ. હેમાંગ જોષી દ્વારા આજે પ્રદેશ હોદ્દેદારોના નામોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે.

ભાજપની નવી જાહેર થયેલી ટીમમાં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાંથી કુલ ૨૧ જેટલા યુવા અગ્રણીઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ નિમણૂકોમાં ૯ પ્રદેશ ઉપાધ્યક્ષો, ૪ પ્રદેશ મહામંત્રીઓ, ૬ પ્રદેશ મંત્રીઓ, ૧ પ્રદેશ કોષાધ્યક્ષ અને ૧ પ્રદેશ કાર્યાલય મંત્રીનો સમાવેશ થાય છે. ભાજપના યુવા નવી ટીમમાં યુવા મોરચા ટીમની જાહેરાત કરવામાં આવી છે.



જેમાં ભાજપે પ્રથમ વખત ૩ મહામંત્રી સાથેની ટીમ જાહેર કરવામાં આવી છે. જ્યારે પ્રથમ વખત ૪ મહિલાઓનો સમાવેશ ભાજપે કર્યો છે. જ્યારે વર્તમાન ટીમમાં ભાજપે નરેશ દેસાઈ અને જય શાહને રિપીટ કર્યા છે. જ્યારે વડોદરા તાલુકા પંચાયત પ્રમુખ અંકિતા પરમારને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

ભાજપે પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે જય પંકજ શાહ (સુરેન્દ્રનગર), શ્રીમતી અંકિતાબેન પરમાર (વડોદરા), નીરવ જોષી (ભાવનગર), કલ્પેશ મરંડ (કચ્છ), સુખદેવ દેલવાણીયા (મોરબી), નીતિનસિંહ બારડ (ગીરસોમનાથ), કુલદીપ બારોટ (કર્ણાવતી), સચિનભાઈ પ્રજાપતિ (બનાસકાંઠા) અને ડૉ. નરેશભાઈ દેસાઈ (પાટણ) નિમણૂક કરી છે. જ્યારે પ્રદેશ ભાજપના યુવા મહામંત્રી તરીકે ડૉ. દેવાંગીબેન મૈંયડ (રાજકોટ), ડૉ. ભાવિન શિરોયા (સુરત), પ્રતાપભાઈ પિંડારિયા (દેવભૂમિ દ્વારકા) અને હિમાંશુ ગોરાણીયા (જૂનાગઢ) સમાવેશ કર્યો છે.

ભાજપના યુવા પ્રદેશ મંત્રી તરીકે શ્રેયાંશ પટેલ (મહેસાણા), જય ગિરીશભાઈ શાહ (રાજકોટ), બિનલકુમારી રાઠવા (છોટાઉદેપુર), નંદની કુલદીપ ગઢવી (સુરત), આકાશભાઈ તડવી (નર્મદા) અને કુલદીપસિંહ જાડેજા (જામનગર) સમાવેશ કર્યો છે. આ ઉપરાંત ભાજપે ધ્રુવિન પટેલને પ્રદેશ કોષાધ્યક્ષ (વલસાડ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આમ ભાજપે યુવા મોરચાના ટીમ જાહેરાત કરવામાં આવી છે.

# મહિન્દ્રાએ રૂા.૨૯.૩૫ લાખની કિંમતે એક્સક્લુઝિવ XEV 9e Cineluxe એડિશન રજૂ કરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૨**

મહિન્દ્રાએ આજે પોતાની ફ્લેગશીપ ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવીનું વધુ વૈભવી અને પ્રીમિયમ રૂપ XEV 9e Cineluxe એડિશન રજૂ કરી હતી. XEV 9e Cineluxe એડિશનની કિંમત રૂા.૨૯.૩૫ લાખ (એક્સ-શોરૂમ). બુકિંગ શરૂ ૨ માર્ચ ૨૦૨૬, ડિલિવરી શરૂ ૧૦ માર્ચ, ૨૦૨૬. ખાસ નવા એક્સ્ટીરિયર રંગોમાં ઉપલબ્ધ- Satin Black અથવા Satin White-સાથે Chestnut Brown અને Nocturne Black સ્મૂથ-ગ્રેન લેધરેટ ઈન્ટીરિયર

XEV 9e Cineluxeના કેન્દ્રમાં એક સાચો સિનેમેટિક અનુભવ છે. કોસ્ટ-ટુ-કોસ્ટ ટ્રિપલ એચડી ડિસ્પ્લે અને ૧૬-સ્પીકર Harman Kardon ઓડિયો



સિસ્ટમ સાથે ડોલ્બી એટમોસ ટેક્નોલોજી મુસાફરોને સ્ટુડિયો ગુણવત્તાનો ઑડિયો-વિઝ્યુઅલ અનુભવ આપે છે. સાથે ઈન્ફીનિટી રૂફ અને એમ્બિયન્ટ લાઈટિંગમાં ૧૬ મિલિયનથી વધુ રંગ વિકલ્પો ઉપલબ્ધ છે, જેથી દરેક ડ્રાઈવને મૂડ, પ્રસંગ અથવા પસંદગી મુજબ સેટ કરી શકાય. પરિણામે, દરેક સફર માણવા જેવી બને છે, માત્ર ડેસ્ટિનેશન સુધી પહોંચવાની પ્રક્રિયા નહીં.

ટોપ-ઓફ-ધ-લાઈન Pack Three વેરિઅન્ટ પર આધારિત XEV 9e Cineluxe એડિશનમાં ૭૯ kWh બેટરી આપવામાં આવી છે, જે વાસ્તવિક પરિસ્થિતિમાં ૫૦૦ કિમીથી વધુ રેન્જ આપે છે અને વૈભવ સાથે કોઈ સમાધાન કરવું પડતું નથી. લાંબી હાઈવે સફર હોય કે શહેરમાં રાત્રિનો પ્રવાસ, XEV 9e Cineluxe સાથે દરેક યાત્રા આરામદાયક અને વિચારપૂર્વક રચાયેલો અનુભવ બની રહે છે.

જેમા Straight Ahead Vision X AR હેડ્સ-અપ ડિસ્પ્લે, Eye Dentity Driver & Occupant Monitoring, Hands Free Park (Auto Park Assist), Secure360 અને અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે.

### અન્નક્ષેત્રના સમયમાં પણ ફેરફાર

# વીરપુર જલારામ મંદિરમાં ચંદ્રગ્રહણને લઈ દર્શનના સમયમાં ફેરફાર

## ચંદ્રગ્રહણને કારણે બપોરે ૨ થી રાત્રે ૮ સુધી બંધ રહેશે રાત્રે ૯ વાગ્યે આરતી થશે અને અન્નક્ષેત્ર બીજા દિવસે ખુલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
વીરપુર,તા.૦૨

વીરપુર જલારામ મંદિર મંગળવારે ચંદ્રગ્રહણને કારણે બપોરે ૨ થી રાત્રે ૮ સુધી બંધ રહેશે. રાત્રે ૯ વાગ્યે આરતી થશે અને અન્નક્ષેત્ર બીજા દિવસે ખુલશે.

આગામી મંગળવારના રોજ એટલે કે ૪ માર્ચે થનારા ચંદ્રગ્રહણને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લામાં આવેલા વીરપુરના સુપ્રસિદ્ધ જલારામ મંદિરના ટ્રસ્ટ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગ્રહણના પાળવામાં આવતા સૂતક અને ધાર્મિક વિધિઓને પગલે મંદિરના દર્શન, આરતી અને અન્નક્ષેત્રના સમયમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે.




વીરપુર જલારામ મંદિર પ્રશાસન દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ગ્રહણના સમયગાળા દરમિયાન એટલે કે બપોરે ૨:૦૦ વાગ્યાથી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી મંદિરના દ્વાર ભક્તો માટે બંધ રહેશે. સામાન્ય રીતે મંદિરમાં સાંધ્ય આરતી સાંજે ૭:૦૦ વાગ્યે થતી હોયછે, પરંતુ મંગળવારે ગ્રહણની અસરોને લીધે આ આરતી મોડી એટલે કે રાત્રે ૯:૦૦ વાગ્યે કરવામાં આવશે. આરતી બાદ જ ભક્તો દર્શનનો લાભ લઈ શકશે.વીરપુર જલારામ મંદિરનું અન્નક્ષેત્ર, જે હજારો લોકોને ભોજન પૂરું પાડે છે, તે પણ બપોરે ૨:૦૦ વાગ્યાથી બંધ કરી દેવામાં આવશે. ગ્રહણ પૂર્ણ થયા બાદ અને શુદ્ધિકરણની પ્રક્રિયા પછી, અન્નક્ષેત્ર બીજા દિવસે સવારથી રાબેતા મુજબ કાર્યરત થશે. દૂર-દૂરથી આવતા શ્રદ્ધાળુઓને કોઈ અગવડતા ન પડે તે માટે મંદિર ટ્રસ્ટ દ્વારા અગાઉથી જ આ માહિતી સોશિયલ મીડિયા અને નોટિસ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવી છે. ભક્તોને આ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને જ દર્શન માટે આવવા વિનંતી કરવામાં આવી છે.

### આપઘાત કેસમાં પતિ સહિત બેની ધરપકડ

# વરાછામાં પરિણીતાએ સાસરિયાના ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી

## ઘરે પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૨**

સુરતના વરાછા વિસ્તારમાં દહેજ લોભી સાસરિયાઓના કારણે વધુ એક પરિણીતા બલી ચઢી છે. રીતુબેન નામની પરિણીતાએ સાસરિયાના અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ મામલે વરાછા પોલીસે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરી છે.

મૃતક રીતુબેનના લગ્ન લક્ષ્મીનારાયણ કુશવાહ સાથે થયા હતા. લગ્ન સમયે રીતુબેનના પરિવારે પોતાની શક્તિ મુજબ સોનું, રોકડ અને



મોટરસાયકલ ભેટમાં આપ્યા હતા. તેમ છતાં, દહેજભૂખ્યા સાસરિયાઓ તૃપ્ત થયા નહોતા. રીતુબેનને તેમના પતિ લક્ષ્મીનારાયણ, સાસુ-સસરા, જેઠ અને નણંદ દ્વારા અવારનવાર મેણા-ટોણા મારીને પિયરમાંથી વધુ? ૨ લાખ લાવવા માટે દબાણ કરવામાં આવતું હતું.

સાસરિયાઓના સતત ત્રાસ અને દહેજની માંગણીથી કંટાળીને અંતે રીતુબેને અંતિમ ડગલું ભર્યું હતું. તેમણે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના બાદ પરિવારે સાસરિયા વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

વરાછા પોલીસે આ મામલે ગંભીરતા દાખવી તુરંત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આત્મહત્યા માટે મજબૂર કરવાના (દુષ્પ્રેરણા) ગુનામાં પતિ સહિત બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. અન્ય સંડોવાયેલા આરોપીઓને પકડવા માટે પણ ચક્રો ગતિમાન કર્યા છે.

# સુમુલ ડેરીએ દૂધના ભાવમાં કિલો ફેટે વધારો કર્યો

## સુરત અને તાપી જિલ્લાના અઢી લાખ પશુ પાલકોને વાર્ષિક ૫૦ કરોડ રૂપિયાનો ફાયદો થશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૨**

સુરત અને તાપી જિલ્લાના પશુ પાલકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. સુમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં કિલો ફેટે વધારો કરવામાં આવ્યો છે. પશુ પાલકો માટે કિલો ફેટે દૂધના ભાવમાં વધારો કરાયો છે. સુરત અને તાપી જિલ્લાના અઢી લાખ પશુ પાલકોને વાર્ષિક ૫૦ કરોડ રૂપિયાનો ફાય

સુરત અને તાપી જિલ્લાના પશુ પાલકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. સુમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં કિલો ફેટે વધારો કરવામાં આવ્યો છે. પશુ પાલકો માટે કિલો ફેટે દૂધના ભાવમાં વધારો કરાયો છે. સુરત અને તાપી જિલ્લાના અઢી લાખ પશુ પાલકોને વાર્ષિક ૫૦ કરોડ રૂપિયાનો ફાયદો થશે. સુમુલ ડેરીના પૂર્વ ડિરેક્ટર જયેશ પટેલે કહ્યું હતું કે, સુમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં કિલો ફેટે વધારો કરવામાં આવ્યો છે. આ વધારો બંને જિલ્લાના અઢી લાખ પશુપાલકોને ૫૦ કરોડથી વધુનો ફાયદો કરાવશે. ગાયના દૂધના ભાવમાં કિલો ફેટે ૨૦ રૂપિયા અને ભેંસના દૂધના ભાવમાં કિલો ફેટે ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. આ વધારાને કારણે ગાયના દૂધનો ભાવ વધીને ૮૫૦ અને ભેંસના દૂધનો ભાવ ૮૮૦ રૂપિયા થયો છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**હવે કાનૂની સલાહ માટે...**

જેમાંથી સીધી અરજીઓ સબમિટ કરી શકાય છે. નિશ્ચિત સમય સ્લોટ દરમિયાન, વકીલ લગભગ ૨૦ મિનિટ સુધી તમારી સમસ્યા સાંભળે છે અને કાયદા અનુસાર યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે. આનાથી કોર્ટમાં ગયા વિના વહેલા ઉકેલની મંજૂરી મળે છે.

આ સુવિધા ઘણા કિસ્સાઓમાં સરકાર તરફથી ઉપલબ્ધ છે. આ સેવા કૌટુંબિક વિવાદો, છૂટાછેડા, ઘરેલુ હિંસા, ભરણપોષણ, મિલકતના વિવાદો, વેતનના મુદ્દાઓ, FIR પ્રક્રિયાઓ અથવા SC/ST અત્યાચાર જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન પૂરું પાડે છે. અગાઉ, કેટલાક કેસ માટે નજીવી ફી લેવામાં આવતી હતી. જો કે, આ સેવા હવે બધા નાગરિકો માટે સંપૂર્ણપણે મફત છે. તમારે હવે કાનૂની સલાહ માટે કોર્ટની મુલાકાત લેવાની જરૂર નથી.

### ૧૦૦થી વધુ પોલીસકર્મીનું ફૂટ પેટ્રોલિંગ

# હોળી-ધુળેટી અને રમઝાનને લીધે અમદાવાદ પોલીસ એક્શનમાં

## ગુનેગારોમાં કાયદાનો ડર પેસે તે માટે ૨ ACP અને 8 PI સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું




(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૦૨

અમદાવાદ શહેરમાં આગામી હોળી-ધુળેટી અને રમઝાન માસના તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ દ્વારા ઝોન ૫ અને ઝોન ૬ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. સંવેદનશીલ વિસ્તારો અને મિશ્ર વસ્તી ધરાવતા વિસ્તારોમાં શાંતિ જળવાય તેમજ ગુનેગારોમાં કાયદાનો ડર પેસે તે માટે ૨ ACP અને 8 PI સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.

હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી ઝોન-૫ વિસ્તારમાં પોલીસ દ્વારા સઘન ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. ખાસ કરીને સંવેદનશીલ ગણાતા હિન્દુ-મુસ્લિમ વસ્તી ધરાવતા મિશ્ર વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે ૨ ACP અને 8PI સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીઓ મેદાને ઉતર્યા હતા. આ પેટ્રોલિંગનો મુખ્ય ઉદ્દેશ્ય હિસ્ટ્રીશીટરો અને રીઢા ગુનેગારોમાં કાયદાનો ડર પેદા કરવાનો છે. આ દરમિયાન રબારી કોલોની ચાર રસ્તા પાસે વાહન ચેકિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં નિયમ વિરુદ્ધ કારના કાચ પર લાગેલી બ્લેક ફિલ્મ સ્થળ પર જ ઉતારવામાં આવી હતી.

અમદાવાદ ઝોન ૬ પોલીસ દ્વારા ખાસ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરીની મુખ્ય વિશેષતા ટૅક્નોલૉજીનો મહત્તમ ઉપયોગ છે, જેમાં ખાસ કરીને ભીડભાડવાળા બજારો, સાંકડી ગલીઓ અને મકાનોની અગાસીઓ પર નજર રાખવા માટે નાઈટ વિઝન ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

રમઝાનની રાત્રે ધમધમતા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી 2PI અને 5PSI સહિતના વિશાળ પોલીસ કાફલાએ ફિલ્ડ પર ઉતરીને નિરીક્ષણ કર્યું હતું. આધુનિક ડ્રોન ટૅક્નોલૉજીની મદદથી પોલીસ હવે માનવ આંખ પહોંચી ન શકે તેવા સંવેદનશીલ સ્થળોએ પણ બાજ નજર રાખી રહી છે, જેથી તહેવારો દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે.

# પારડીમાં યોગ બોર્ડ દ્વારા બે દિવસીય યોગ શિબિર સંપન્નઃ ૩૦૦થી વધુ નાગરિકો સહભાગી બન્યા




**આગામી માસમાં ૫૦થી વધુ લોકો યોગ ટ્રેનર તરીકે રજીસ્ટ્રેશન કરાવશે અને ૫૦થી વધુ સાધક યોગવર્ગમાં જોડાશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૨**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત''ના સંકલ્પ સાથે વલસાડ જિલ્લાના પારડી તાલુકા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાનમાં બે દિવસીય તાલુકા કક્ષાની યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને વિશ્વ ફલક પર આગવું સ્થાન અપાયું છે તેને અનુસરીને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના ''હર ઘર યોગ''ના સપનાને સાકાર કરવાના ઉમદા હેતુથી આ શિબિર યોજાઈ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શીશપાલના કુશળ માર્ગદર્શન હેઠળ આયોજિત આ શિબિર પારડીમાં તા.૨૭ અને૨૮ ફેબ્રુ.ના રોજ યોજાઈ હતી. જેમાં ૩૦૦થી વધુ યોગ પ્રેમીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરમાં નગરપાલિકાના કારોબારી ચેરમેનશ્રી ચેતનભાઈ ભંડારી, અખિલ હિન્દ મહિલા પ્રેસિડેન્ટ શ્રીમતી મીના કોઠારી, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય સંસ્થાના બી.કે પારુલ દીદી, આઈ.ટી.આઈ કોલેજ પ્રોફેસર સ્નેહલ નસિત, સિનિયર સિટીઝન સભ્ય પ્રકાશ શાહ, પારડી નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર, નગરપાલિકાના સફાઈ કર્મચારી સુપરવાઈઝર શ્રી પંકજભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ શિબિરમાં વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન કરાવવામાં આવ્યા હતા. આ સાથે યોગ શિક્ષક બનવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન ઝોન કો-ઓર્ડીનેટર શ્રીમતિ પ્રીતિબેન પાંડેની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા કો-ઓર્ડીનેટર શ્રીમતિ પ્રીતિબેન વૈષ્ણવ, પારડી તાલુકાના યોગકોચ અને યોગ ટ્રેનરના સમન્વયથી આ શિબિર સફળ બની હતી. આ શિબિરના ફળ સ્વરૂપે આગામી માસમાં ૫૦થી વધુ લોકો યોગ ટ્રેનર તરીકે રજીસ્ટ્રેશન કરાવશે અને ૫૦થી વધુ સાધક યોગવર્ગમાં જોડાશે, ઉપરાંત નવા નિઃશુલ્ક વર્ગો ચાલુ થશે. આગામી દિવસોમાં પણ આ જ રીતે યોગ શિબિરનું શ્રુંખલાબંધ આયોજન કરવામાં આવશે. www.gsyb.in વેબસાઈટ પરથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ ટ્રેનરનું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરી શકાશે. વધુ માહિતી આ વેબસાઈટ પરથી મળી રહેશે એવું વલસાડ જિલ્લા કો-ઓર્ડીનેટર શ્રીમતી પ્રીતિબેન વૈષ્ણવે જણાવ્યું હતું.

'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત

# ડો. નાનાસાહેબ ધર્માધિકારી પ્રતિષ્ઠાનના સૌજન્યથી સેલવાસ પાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન ચલાવાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૨**

'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત ડો. શ્રી નાનાસાહેબ ધર્માધિકારી પ્રતિષ્ઠાનના સૌજન્યથી સેલવાસ પાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમા પાલિકા પ્રમુખ શ્રી સોમનાથ દેવરે અને સભ્ય શ્રીમતિ રાખીબેન ચંદુભાઈ પટેલે ભાગ લઈ અભિયાનની શરૂઆત કરી ત્યારબાદ શ્રી સમર્થ દાસ્ય ભક્તોએ આ અભિયાનના માધ્યમથી રાજે છત્રપતિ શિવાજી મહારાજ ચોક સહિત આખા શહેરમાં સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું.

આ સંસ્થા દ્વારા આરોગ્ય શિબિર, રક્તદાન કેમ્પ વૃક્ષારોપણ અને એનું સંરક્ષણ, મુકબધીર અને મંદબુદ્ધિ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી વિતરણ સાથે આવશ્યક ઉપકરણની વ્યવસ્થા, બસ સ્ટોપ પર કુલર અને શિક્ષિત બેરોજગારોના માટે સ્વરોજગાર માર્ગદર્શન વગર કોઈ જાતિ ધર્મના વિચાર કરવામા આવે છે.

આ વખતે સમર્થની આજ્ઞા અનુસાર સેલવાસ પાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું. જેમા મોટી સંખ્યામાં સેવકો ઉપસ્થિત રહી સેવાનો લાભ લીધો હતો. આ અભિયાન માટે પદ્મશ્રી ડો.શ્રી અપ્પા ધર્માધિકારીના માર્ગદર્શન અને ડો. સચિન દાદા ધર્માધિકારીની પ્રેરણાથી સમર્થ સભાના સભ્યો દ્વારા આ અભિયાનને સફળ બનાવવામાં આવ્યું હતું.

# વાપી આર.કે. દેસાઈ કોલેજમાં બીસીએ વિભાગ દ્વારા ફેરવેલ પાર્ટીનું આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં બી.સી.એ. વિભાગમાં અભ્યાસ કરનાર જૂનિયર વિદ્યાર્થીઓએ સિનીયર વિદ્યાર્થીઓને ફેરવેલ પાર્ટી આપી હતી. જેમાં સાયન્સ સ્ટ્રીમના પ્રિન્સિપાલ ડૉ. સુરભી ચૌધરી હાજર રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં જેમાં નાટક, ડાન્સ, ગીતોની કૃતિઓ રજૂ કરી હતી. Student of the year તરીકે દુર્ગા ડિગ્વાની વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. મિત્તલ શાહે પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થી અવસ્થાની જીવનશૈલી કેવી હોવી જોઈએ અને શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી કેવી રીતે બનાવી શકાય, કોમ્પ્યુટર ક્ષેત્રે આગળ કઈ રીતે વધી શકાય એના વિશે ખુબજ ઉત્સાહભેર સરળ ભાષા શૈલીની અંદર વિદ્યાર્થીઓને સમજૂતી આપી હતી. કાર્યક્રમના સંચાલન એફ.વાય. અને એસ.વાય. બી.સી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન પ્રો. ચારવી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. જ્યોત્સના ભુબનેશ અને પ્રો. સિદ્ધિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમારોહના અંતે સૌ માટે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આ વ્યવસ્થા ટીયા થોમસ અને દૈનિશા નાયક દ્વારા કરવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક ભોજન ગ્રહણ કરી મિત્રતા અને સંસ્મરણોની મીઠી યાદો સાથે વિદાય લીધી હતી.

આ કાર્યક્રમ ની આભારવિધિ બી.સી.એ. વિભાગના હેડ અધ્યાપિકા નેહા પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલન દેસાઈ અને કોલેજના સર્વ અધ્યાપકોઓએ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

# સ્વસ્થ સમાજના સંદેશ સાથે વલસાડના ઝુલેલાલ મંદિરમાં બોડી બિલ્ડીંગ સ્પર્ધા યોજાઈ

**૯ વર્ષની બાળકીથી માંડીને ૪૯ વર્ષના સ્પર્ધકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૨**

દક્ષિણ ગુજરાતના ફિટનેસ જગતમાં પોતાની અનન્ય ઓળખ ઉભી કરનાર અને વલસાડમાં સતત ત્રણ વખત હેટ્રિક સિદ્ધ મેળવનાર શ્રેષ્ઠ કોચ તથા ફિટનેસ લેક્ચરર શ્રી વિશાલભાઈ પાંડેના માર્ગદર્શન હેઠળ વલસાડના ઝુલેલાલ મંદિર ખાતે બોડી બિલ્ડીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિહાન વર્ગો દ્વારા આયોજિત સિનિયર, જુનિયર, લેડીઝ, માસ્ટર બોડી બિલ્ડીંગ ૨૦૨૬ યોજના અંતર્ગત યોજાયેલી આ સ્પર્ધામાં વાપી, સેલવાસ, ઉમરગામ, દમણ તથા ધરમપુર સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બોડી બિલ્ડરો ઉમટી પડ્યા હતા. સ્પર્ધકોએ ક્લાસિક, મસ્ક્યુલર અને એસ્થેટિક પોઝ દ્વારા પોતાની દેહયષ્ટિ, શિસ્તબદ્ધ તાલીમ અને કઠોર પરિશ્રમનું દમદાર પ્રદર્શન કરી ઉપસ્થિત જનસમુદાયને મંત્રમુગ્ધ કરી દીધો હતો.

આ સ્પર્ધાની ખાસિયત એ રહી કે, સૌથી નાની સ્પર્ધક તરીકે માત્ર ૯ વર્ષની ધરવી પટેલે આત્મવિશ્વાસભર્યા પોઝથી સૌનું ધ્યાન ખેચ્યું હતું. જ્યારે સૌથી વરિષ્ઠ સ્પર્ધક તરીકે ૪૯ વર્ષના અશ્વિનભાઈ રાઠોડે ફિટનેસની કોઈ વયસીમા નથી. એ સાબિત કરી દર્શકોને પ્રેરણા આપી હતી. બંનેએ પોતાની આગવી અદાથી સ્પર્ધાને યાદગાર બનાવી હતી. કાર્યક્રમમાં હાજર સિનિયર બોડી બિલ્ડરોએ ગેસ્ટ પોઝિંગ કરીને યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપી ઉત્સાહ વધાર્યો હતો. ખાસ કરીને ફિટનેસ પ્રત્યે નવી પેઢીમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી આયોજકો દ્વારા વાપીના એક પ્રતિભાશાળી યુવાનને રૂા.૨૧ હજારની રોકડ પ્રોત્સાહન રકમ પણ અર્પણ કરવામાં આવી હતી.

દક્ષિણ ગુજરાતના કોચ શ્રી વિશાલભાઈ પાંડેએ જણાવ્યું કે, ફિટનેસ માત્ર સ્પર્ધા પૂરતી નથી, પરંતુ સ્વસ્થ સમાજ માટેની ચળવળ છે. વલસાડ સહિત સમગ્ર વિસ્તારમાં ફિટનેસ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનું કાર્ય આગળ પણ અવિરત ચાલુ રહેશે. આ ભવ્ય આયોજનથી વલસાડ શહેર ફરી એકવાર દક્ષિણ ગુજરાતના ફિટનેસ હબ તરીકે ચર્ચામાં આવ્યું છે. રમતગમત અને આરોગ્ય પ્રત્યે વધતી જાગૃતિ વચ્ચે આવી સ્પર્ધાઓ યુવાનોને નવી દિશા અને પ્રેરણા આપતી રહેશે, તેવું સર્વત્ર માનવામાં આવી રહ્યું છે.

# વાપી આર. કે. દેસાઈ કોલેજમાં નાટક કળા ઉપર નાટ્યકાર સતિષભાઈ દેસાઈનું વ્યાખ્યાન યોજાયું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

આર.કે દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં તારીખ ૨૭ ફેબ્રુઆરીના દિવસે ''નાટક અને કળા'' અંતર્ગત ગુજરાત રાજ્ય ગૌરવ પુરસ્કાર પુરસ્કૃત નાટ્યકાર સતિષભાઈ દેસાઈનું વ્યાખ્યાન યોજાયું હતું. સંસ્થાના પ્રિન્સિપાલ ડો.પ્રીતિબેન ચૌહાણ દ્વારા સતિષભાઈ દેસાઈનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું અને ડો.રાહુલભાઈ ટંડેલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું. પ્રા.પિયુષભાઈ પટેલ દ્વારા સતિષભાઈ દેસાઈના પરિચયથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સતિષભાઈ દેસાઈએ પોતાની આગવી શૈલીમાં કોલેજના તાલીમાર્થીઓ સમક્ષ નાટ્યકળાના તમામ પાસાઓની તલસ્પર્શી અને રસપ્રદ રજૂઆત કરી. કોલેજના તાલીમાર્થીઓએ પોતાના શેરી નાટકના દ્રશ્યો સતિષભાઈ દેસાઈ સમક્ષ રજૂ કર્યા હતા. જેમાં સતિષભાઈએ પોતાના અનુભવો દ્વારા કૃતિને આગવું સ્વરૂપ પ્રદાન કર્યું છે. વિરેન્દ્રભાઈ પવારે અદ્ભુત અભિનય સાથે ''માતૃભાષાની વ્યથાની પ્રસ્તુતિ દ્વારા એકપાત્રીય અભિનયનો ઉત્કૃષ્ટ નમૂનો રજૂ કર્યો હતો. કાર્યક્રમના બીજા ભાગમાં સતિષભાઈએ પોતાની રાજ્યકક્ષાની અનેક એવોર્ડ વિજેતા કૃતિ ''આંતરમનની આરપાર''નું પીનલભાઈ દેસાઈ સાથે અવિસ્મરણીય સ્ક્રિપ્ટ વાંચન કર્યું હતું. એક નાટ્યકારના મુખેથી જીવનના વિવિધ રસોથી તરબોળ અદભુત સ્ક્રિપ્ટ વાંચન સાંભળી તાલીમાર્થીઓ ભાવવિભોર થઈ ગયા હતા. શિક્ષણ, જીવન અને નાટ્યકળાના વિવિધ રંગોથી આર.કે.દેસાઈ કોલેજ માટે આ દિવસ યાદગાર બની રહ્યો. સતિષભાઈ સાથે એમની ટીમ, મિત્ર પ્રકાશભાઈ વશી તેમજ સ્પંદન સંસ્થાના પ્રમુખ ચારૂશીલાબેનની ઉપસ્થિતિથી કાર્યક્રમની શોભામાં અનેકગણી અભિવૃદ્ધિ થઈ હતી. કાર્યક્રમના અંતે બી. એડ કોલેજના હેડ ડો.ગુંજન વશી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સંસ્થાના ચેરમેન મીલન દેસાઈ અને કેમ્પસ ડાયરેક્ટર ડો.મિતલ શાહ તેમજ કોલેજના સર્વ અધ્યાપકોએ કાર્યક્રમની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**
**સંજય તાડા-99244 66899 / સુરેશ ઉમતિયા-98259 89444**

# ઘરે મોબાઈલ મુકી વાપીના ગુંજનથી ૫૧ વર્ષીય રાકેશ શાહ ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૨**

વાપીના ગુંજન ચીકુવાડી ખાતે જીઆઈડીસી ગાર્ડનની સામે ધરમશી પાર્કમાં ગાર્ડન વ્યુ કો-ઓ. હાઉ. સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષીય અનિલકુમાર શાંતિલાલ શાહ તા.૨૨/૦૨/૨૬ના રોજ સાંજે તેમના ભાઈ રાકેશ (ઉ.વ.૫૧) સાથે હાજર હતા, જ્યારે નાનો ભાઈ રાજેશ સેલવાસ ગયો હતો. માતા આગલા દિવસે જ અમદાવાદથી પરત આવ્યા હતા. તા.૨૨/૦૨/૨૬ના રોજ અનિલ શાહ સાંજે ઘરેથી નીકળી આદિનાથ દેરાસર તથા ભીડભંજન દેરાસર તથા પારસનાથ દેરાસરથી દર્શન કરી ઘરે પરત આવ્યા હતા. તે સમયે આશરે સાડા પાંચ વાગ્યાની આસપાસ તેમનો ભાઈ રાકેશ ઘરમાં હાજર મળી આવ્યો ન હતો. જેથી પરિવારજનોએ રાકેશના મોબાઈલ પર કોલ કરતા ફોન ઘરમાંથી જ મળી આવ્યો હતો. આજુબાજુમાં પડોશમાં તેમજ મિત્ર વર્તુળમાં પૂછપરછ કરતા કોઈ ભાળ મળી ન હતી. જેથી ૫૧ વર્ષીય રાકેશ શાહ ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક ચાલી જઈ ગુમ થયાની જાણ મોટા ભાઈ અનિલભાઈએ વાપી ટાઉન પોલીસ મથકે કરી હતી. ગુમ થનાર રાકેશ શરીરે મજબૂત બાંધો, ઘઉંવર્ણ, લંબગોળ મોઢું, પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ, સફેદ વાળ અને સફેદ દાઢી ધરાવે છે. શરીરે ક્રિમ કલરનો ચોકડીવાળો શર્ટ તથા બ્રાઉન કલરનું ફોર્મલ પેન્ટ અને કાળા કલરની ચંપલ પહેરી હતી. જે હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને પણ તેમની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે ફોન નં. ૦૨૬૦-૨૪૬૧૧૦૦ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# પારડીની એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં યુથ એસેમ્બલી કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ,તા.૦૨**

પારડીની એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી વલસાડ દ્વારા પારડી વિધાનસભાનો યુથ એસેમ્બલી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યુથ એસેમ્બલી કાર્યક્રમ અંતર્ગત એક વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળા અને કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વલ્લભાશ્રમ સ્કૂલની વિદ્યાર્થીની જાનવી પટેલ, દ્વિતીય ક્રમે રોફેલ કોલેજની વિદ્યાર્થીની શુભ્રા ચૌબે, તૃતીયક્રમે એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની ખુશી પંચાલ, તેમજ આશ્વાસન ઈનામ વૈષ્ણવી પ્રજાપતિ તેમજ સની સંકલપુરા વિજેતા જાહેર થયા હતાં.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વલસાડ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી જોશી તેમજ પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી હેમંતભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન તેમજ આભારવિધિ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો.દીપેશ શાહે કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ.અજય પટેલ, ડૉ. તપનસિંહ પરમાર તેમજ ડૉ.વિક્રમ ભારતે કામગીરી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. શિવાની આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન તેમજ સુંદર આયોજન બદલ તેમજ દરેક સ્પર્ધકોને ભાગ લઈને વિજેતા થવા બદલ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. દીપેશ શાહ તેમજ પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી હેમંતભાઈ દેસાઈએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# વાપીના વીઆઈએ ફૂટપાથ પરથી અજાણ્યા પુરૂષની લાશ મળી આવી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૦૨ઃ** વાપીના વીઆઈએ ચાર રસ્તા તરફથી ભડકમોરા તરફ તા.૨૫/૦૨/૨૬ના રોજ રાત્રિના ૨ કલાકે સિક્યુરિટી ગાર્ડ ભુપેન્દ્રનાથ રામકરન સિંહ (ઉ.વ. ૫૦, રહે. અજીતભાઈ ચાલ, રૂમ નં.૦૭, ચામુંડા ડ્રીમ સિટી, રામનગર, છીરી, વાપી, મૂળ રહે. પિવાતાલ, થાના-ઘોસી, જિ.મઉ, ઉત્તરપ્રદેશ) રાઉન્ડ પર હતા ત્યારે વાપી જીઆઈડીસી વીઆઈએ ચાર રસ્તા તરફથી ભડકમોરા તરફ એક અજાણ્યો પુરૂષ ચાલતો આવતો હતો અને ઓમ લેબ કેમ દુકાનની સામે ફૂટપાથ પર સુઈ ગયો હતો. ત્યારબાદ ગાર્ડ ભુપેન્દ્રનાથ આગળ રાઉન્ડ પર નીકળી ગયો હતો. સવારે ૮ કલાકે સ્થાનિક લોકો અને પોલીસ ત્યાં હતી જેઓએ આ અજાણ્યા ઈસમને તપાસતા મરણ પામ્યો હોવાનું જણાતા ચલા સીએચસીમાં આગળની કાર્યવાહી માટે લાશ લઈ જવામાં આવી હતી.

આ અજાણ્યા મૃતકના શરીરે સફેદ કલરની ટી-શર્ટ જેના પર કાળી લીટી દોરેલી છે, બ્લ્યુ કલરનો ટ્રેક પેન્ટ અને માથાના ભાગે લાલ રૂમાલ બાંધેલો છે. પગમાં ચંપલ પહેરી હતી. આ અજાણ્યો પૂરૂષ અંદાજે ૩૫ થી ૪૦ વર્ષનો હોવાનું પોલીસનું અનુમાન છે. જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસો વિશે ભાળ મળે તો વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.



વર્તમાન પ્રવાહ
તંત્રી લેખ

# ઊર્જા અને ઉત્સાહથી ભરપૂર યુવાનોની શક્તિને ઉપયોગી કામો તરફ વાળવી અનિવાર્ય

**આ**ધુનિક સમયમાં બાળકો અને યુવાનોમાં વધી રહેલી હિંસક વૃત્તિ સમાજ અને પરિવાર માટે ભારે જોખમી બની ચૂકી છે. નાની એવી બાબતમાં પોતાનો આપવામાં કે અન્યો કોઈનો જીવ લઈ લેવામાં જરા પણ ખચકાટ ન અનુભવતી આ નવી પેઢીને વાળવા પર હવે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરત છે. સૌ કોઈ જાણે છે કે, હિંસક ફિલ્મોથી માંડીને સોશિયલ મીડિયાના સડાથી પ્રભાવિત થતાં યુવાધનમાં ઝડપથી ઘર કરી રહેલી હિંસક વૃત્તિનું પ્રતિબિંબ પાડતાં નવાનવા બનાવો દેશમાં ચોમેર બની રહ્યા છે. તાજેતરમાં લખનઉ, ગાઝિયાબાદ અને હરિયાણામાં બનેલા બનાવો આ માનસિકતાની સાબિતી પૂરી પાડે છે. ગાઝિયાબાદમાં ત્રણ યુવતીએ એક ઓનલાઈન ગેમના રવાડે ચડીને આત્મહત્યા કરી લીધી હતી, તો હરિયાણામાં એક યુવકે તેના મિત્રની હત્યા કરીને લાશનો નિકાલ કરી દીધો હતો, પરંતુ લખનઉનો તાજો મામલો ભારે અરેરાટીભર્યો છે. ૨૧ વર્ષના એક યુવકે તેના લેબમાલિક પિતાની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. તે પછી લાશના કરવત વડે નાના ટુકડા કરીને ડ્રમમાં ભરી નાખ્યા હતા. આ યુવકે સ્થળ પર હાજર પોતાની બહેનને ધમકાવીને મોં બંધ રાખવાની ફરજ પાડી હતી. આ ધૃણાસ્પદ કૃત્યની પાછળ હતભાગી પિતા પોતાના પુત્રને તબીબ બનાવવાનો આગ્રહ રાખી રહ્યા હોવાનું કારણ હતું. આ ત્રણે બનાવોને એકમેક સાથે સીધો કોઈ સંબંધ ન હતો, પણ તેને અપવાદ ગણી શકાય તેમ નથી. યુવાનોને સાંકળતા આ ત્રણે બનાવ આધુનિક સમયમાં નવી પેઢીની આક્રમક માનસિકતા છતી કરે છે. સામાન્ય રીતે એવી છાપ રહી છે કે, આ યુવાવર્ગ દેશનું અને સમાજનું ભવિષ્ય હોય છે. ઊર્જા અને ઉત્સાહથી ભરપૂર યુવાનોની આ શક્તિને ઉપયોગી કામો તરફ વાળવી ભારે અનિવાર્ય હોય છે, પણ તેમનામાં વધતી જતી હતાશા અને સોશિયલ મીડિયાની લતથી ગેરમાર્ગે દોરાઈ જવાને લીધે આ વર્ગ તરફ હવે ધ્યાન અપાવાની તાતી જરૂરત છે. હાલત એવી છે કે, પોતાની આસપાસ હિંસાના વધી રહેલાં ચલણને લીધે યુવાવર્ગ તેને યોગ્ય માનવા લાગ્યો છે. પરિવારમાં ક્લેશ અને ખટરાગ પણ આ વર્ગની માનસિક હાલત ડામાડોળ કરી નાખે છે. આવા સંજોગોમાં પરિવાર, સમાજ અને દેશે સામૂહિક રીતે આ વર્ગને માનસિક રીતે રક્ષવાની સાથોસાથ તેમની શક્તિને હિંસાને બદલે હકારાત્મકતા મળે તે માટે મનોવૈજ્ઞાનિક માહોલ ઉભો કરવા પર ખાસ ધ્યાન આપવું જોઈએ. હવે સવાલ એ છે કે, આ જરૂરતને કઈ રીતે સ્વીકારીને કેવાં પગલાં લેવાતા થશે તે મહત્ત્વનું છે. કેમ કે, જેટલો વિલંબ થઈ રહ્યો છે જોખમ એટલું વધી રહ્યું છે.

# ભગવાનને માનવાવાળાને 'પ્રેમ'ની અને ભગવાનના 'મતસિદ્ધાંત'ને માનવાવાળાને મુક્તિની પ્રાપ્તિ થાય છે

**ભ**ગવાન પોતાના મતસિદ્ધાંત પ્રમાણે અનુષ્ઠાન કરવાનું ફળ બતાવીને હવે તે પ્રમાણે નહિ કરવાથી શું નુકસાન થાય છે તે ગીતાના શ્લોક(૩/૩૨)માં જણાવે છે..

યહ ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ મેં મતમ્
સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્વિદ્ધિ નષ્ટાનચેતસઃ

(તું-પરંતુ, યે-જે માણસો, અભ્યસૂયન્તઃ-




દોષદ્રષ્ટિ કરીને, મેં-મારા, એતત્-આ, મતમ્-મત, ન અનુતિષ્ઠન્તિ -અનુસાર નથી ચાલતા, તાન્-તે, સર્વજ્ઞાનવિમૂઢાન્-સર્વ જ્ઞાનોમાં મોહિત અને અચેતસઃ અવિવેકી મનુષ્યોને, નષ્ટાન્-નષ્ટ થયેલા જ, વિદ્ધિ-સમજો એટલે કે તેમનું પતન જ થાય છે)

પરંતુ જે માણસો દોષદ્રષ્ટિ કરીને મારા આ મત અનુસાર નથી ચાલતા તે સર્વ જ્ઞાનોમાં મોહિત અને અવિવેકી મનુષ્યોને નષ્ટ થયેલા જ સમજો એટલે કે તેમનું પતન જ થાય છે.




જેમ સંસારમાં તમામ સ્વાર્થી મનુષ્યો ઈચ્છે છે કે અમને જ બધા પદાર્થો મળે, અમને જ લાભ થાય, તેવી જ રીતે ભગવાન પણ ઈચ્છે છે કે સઘળા કર્મો મને જ અર્પણ કરવામાં આવે, મને જ સ્વામી માનવામાં આવે. આ રીતે માનવું એ 'ભગવાન' ઉપર દોષારોપણ કરવું કહેવાય. કામના વિના સંસારનું કામ કેવી રીતે ચાલશે? મમતાનો સર્વથા ત્યાગ તો થઈ જ શકતો નથી, રાગદ્વેષ વગેરે વિકારો રહિત થવાનું અસંભવ છેઆ પ્રકારે માનવું એ ભગવાનના 'મત' ઉપર દોષારોપણ કરવું કહેવાય.

ભોગ અને સંગ્રહની ઈચ્છાવાળા જે મનુષ્યો શરીર વગેરે પદાર્થોને પોતાના અને પોતાને માટેના માને છે અને તમામ કર્મો પોતાના માટે જ કરે છે તેઓ ભગવાનના મત અનુસાર ચાલતા નથી.

'સર્વજ્ઞાનવિમૂઢાન્ તાાન્' જે મનુષ્યો ભગવાનના મતનું અનુસરણ કરતા નથી તેઓ સર્વ પ્રકારનાં સાંસારીક જ્ઞાનો જેવા કે વિદ્યાઓકલાઓ વગેરેમાં મોહિત રહે છે. તેઓ નવા નવા આવિષ્કારોમાં, તેમના કલા કૌશલને જાણવામાં તથા નવાનવા આવિષ્કાર કરવામાં રચ્યાપચ્યા રહે છે અને નવીનવી જાણકારી પ્રાપ્ત કરવામાં જ તેઓ વ્યસ્ત રહે છે. જે કંઈ છે તે આ જ છેએવો તેમનો નિશ્ચય હોય છે. એવા લોકોને અહી તમામ જ્ઞાનોમાં મોહિત કહેવામાં આવ્યા છે.

'અચેતસઃ ભગવાનના મતનું અનુસરણ ન કરવાવાળા મનુષ્યોમાં સત્ અસત્, સાર-અસાર, ધર્મ-અધર્મ, બંધન-મોક્ષ વગેરે પારમાર્થિક વાતોનું જ્ઞાનવિવેક હોતો નથી. તેમનામાં ચેતનતા હોતી નથી, તેઓ પશુની જેમ બેહોશ રહે છે, જેમના મનમાં દોષો ભરેલા છે, જેમનામાં વિવેકનો અભાવ છે અને જેમનું ચિત્ત વશમાં નથી તેવા મૂર્ખ, તામસી, વ્યર્થ આશા, વ્યર્થ કર્મ અને વ્યર્થ જ્ઞાનવાળા વિક્ષિપ્તચિત્ત મૂઢ પુરૂષો હોય છે.

'વિદ્ધિ નષ્ટાન્' મનુષ્ય શરીર પામીને પણ જે ભગવાનના મત અનુસાર ચાલતા નથી તે મનુષ્યોને નષ્ટ થયેલા જ સમજવા જોઈએ, તે મનુષ્યો જન્મ-મરણના ચક્કરમાં જ પડ્યા રહેશે. મનુષ્યજીવનમાં અંતકાળ સુધી મુક્તિની સંભાવના રહે છે.

(ગીતાઃ૮/૫)

આથી જે મનુષ્યો વર્તમાનમાં ભગવાનના મતનું અનુસરણ કરતા નથી તેઓ પણ ભવિષ્યમાં સત્સંગ વગેરેના પ્રભાવથી ભગવાનના મતનું અનુસરણ કરી શકે છે જેથી તેમની મુક્તિ થઈ શકે છે પરંતુ જો તે મનુષ્યોની ભાવના જેવીવર્તમાનમાં હોય તેવી જ ભવિષ્યમાં પણ ચાલુ રહે તો તેમને ભગવતપ્રાપ્તિથી વંચિત રહી જવાના કારણે ભગવાને એવા મનુષ્યોને માટે 'નષ્ટાન્ વિદ્ધિ' પદનો પ્રયોગ કર્યો છે. ભગવાનના મતનું અનુસરણ ન કરવાવાળો મનુષ્યો તમામ કર્મો રાગ અને દ્વેષપૂર્વક કરે છે. રાગ અને દ્વેષબંન્નેય મનુષ્યના શત્રુઓ છે.

(૩/૩૪)

નાશવાન હોવાના કારણે પદાર્થો અને કર્મો તો સદા સાથે રહેતા નથી પણ રાગદ્વેષપૂર્વક કર્મો કરવાથી મનુષ્યો તાદાત્મ્ય, મમતા અને કામનાથી આબદ્ધ થઈને વારંવાર નીચ યોનિઓ અને નરકોને પ્રાપ્ત થતા રહે છે, એટલા માટે ભગવાને એવા મનુષ્યોને નષ્ટ થયેલા જ સમજવાની વાત કહી છે.

મનુષ્ય ભગવાનને માને કે ના માને તેમાં ભગવાનનો કોઈ આગ્રહ નથી પરંતુ તેને ભગવાનના મત સિદ્ધાંતનું પાલન અવશ્ય કરવું જોઈએ એમાં ભગવાનની આજ્ઞા છે. જો તે એવું નહી કરે તો તેનું અવશ્ય પતન થઈ જશે. હા, જો સાધક ભગવાનને માનીને તેમના મત પ્રમાણે આચરણ કરે તો ભગવાન તેને પોતાની જાત પણ આપી દેશે પરંતુ ભગવાનને ન માનીને ફક્ત તેમના મતનું આચરણ કરે તો ભગવાન તેનો ઉદ્ધાર કરી દેશે. ભગવાનને માનવાવાળાને 'પ્રેમ'ની પ્રાપ્તિ અને ભગવાનના 'મત' ને માનવાવાળાને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

# સત્પાત્રને દાન આપવાથી મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે

**સો** કામ છોડી ભોજન કરો, હજાર કામ છોડી સ્નાન કરો, લાખ કામ છોડી દાન કરો અને કરોડ કામ છોડીને સેવાસુમિરણ અને ધ્યાન કરો.

એક નગરમાં એક ઘણા જ સાધન સંપન્ન શેઠ રહેતા હતા. તેમનો વ્યાપાર અનેક ઘણો વધી રહ્યો હતો. આટલી સમૃદ્ધિ હોવા છતાં શેઠનો લોભ વધતો જઈ રહ્યો હતો. શેઠ વધુમાં વધુ ધન કમાવવામાં લાગેલા હતા અને શેઠ એટલા મોટા કંજૂસ હતા કે કોઈ યાચકને એક રૂપિયો પણ દાન આપતા ન હતા. એક દિવસ શેઠના દ્વાર ઉપર એક ફક્કડ સાધુ આવે છે અને કંઈક આપવા માટે પ્રાર્થના કરે છે. તે દિવસે શેઠને કોન જાણે શું થયું કે શેઠે સાધુની ઝોલીમાં એક પૈસો નાખ્યો. સાધુ તેને ભગવાનનો પ્રસાદ સમજીને આર્શીવચન આપીને ચાલ્યા જાય છે.

સાંજે શેઠને પ્રસાદમાં એક સોનામહોર મળે છે. સોનામહોર મળ્યા પછી શેઠને ઘણી જ પ્રસન્નતા થાય છે સાથે સાથે અફસોસ થાય છે કે તેને સાધુને એક પૈસો જ કેમ આપ્યો! બીજા દિવસે સાધુ ફરીથી શેઠના ઘેર આવે છે. આ લોભી શેઠ તો સાધુની રાહ જોઈને જ બેઠા હતા. આ વખતે શેઠે સાધુની ઝોળીમાં મુઠ્ઠીભરીને પૈસા નાખે છે અને આશિષ આપીને ચાલ્યા જાય છે. શેઠ સાંજ પડવાની રાહ જોઈ રહ્યા છે. રાત પડવા છતાં તેમને સોનામહોર મળતી નથી. શેઠ નિરાશ વદને કહે છે કેમારા તો પૈસા પણ ગયા અને સોનામહોરો પણ ન મળી ત્યારે શેઠની ધર્મપરાયણ પત્નીએ સમજાવ્યું કે દુઃખી ન થશો અને બોધપાઠ લો કે ત્યાગ ફળે છે અને લોભ છેતરે છે. પત્નીની આ વાતથી શેઠની આંખ ખુલી જાય છે.

આ કથાનો સાર એ છે કે નિઃસ્વાર્થ ભાવથી કરવામાં આવેલ દાન હંમેશાં સારૂં ફળ આપે છે જ્યારે તેનાથી ઉલ્ટું સ્વાર્થભાવથી કરવામાં આવેલ દાનથી ઉપલબ્ધિ કે આત્મસંતોષ મળતો નથી.

માણસે પોતાના સમયનો સદ્ઉપયોગ દાન આપવામાં, પુણ્ય કાર્યમાં અને શા સ્ત્રનો અભ્યાસ કરવામાં કરવો જોઈએ. દાતા હોવા છતાં મીઠું બોલે અને યોગ્ય પાત્રને દાન કરે, વીર હોવા છતાં પોતાના શૌર્યની વાતો ન કરે અને સત્યવાદી હોવા છતાં દયાવાન હોય.. તે બધા સિદ્ધ પુરૂષો કહેવાય..

પ્રાણીઓની ઉપર જન્મ-જન્માંતરના કર્મોની વાસના ભરેલી પડી છે, તેથી હંમેશાં સત્કર્મો કરવાની ચેષ્ટા કરવી જોઈએ. તમામ પ્રાણીઓમાં પ્રભુ પરમાત્માનો વાસ છે, આવો નિશ્ચય કરીને તમામની સેવા કરવાથી શરીર પવિત્ર બની જાય છે, દાન આપવાથી ધન પવિત્ર બની જાય છે અને પ્રભુ પરમાત્માનું ભજન કરવાથી અંતઃકરણ નિર્મળ બની જાય છે.

તન પવિત્ર સેવા કિયે, ધન પવિત્ર કર દાન,
મન પવિત્ર હરિભજન કરે, હોત ત્રિવિધ કલ્યાણ..

પ્રભુ આપે છે, તમે આપતા નથીએ ભાવના સાથે તમે દાન કરો તો દાનનું હજાર ગણું પુણ્ય મળે છે.

ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક યાચક દાન માગવા આવ્યો. ધર્મરાજાએ તેને બીજે દિવસે આવવા કહ્યું. આ વાત ભીમસેને સાંભળી એટલે વિજયદુંદુભી વગાડવા લાગ્યો. બધાને લાગ્યું કે ભીમસેનનું ખસી તો નથી ગયું ને? આ વિજયદુંદુભી તો યુદ્ધમાં વિજય થયો હોય ત્યારે જ વગાડવામાં આવે છે. ભીમને કારણ પૂછ્યું ત્યારે ભીમે જણાવ્યું કે આજે મારા મોટાભાઈએ કાળ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે. ધર્મરાજાને ખબર પડી ગઈ છે કે તે આવતીકાલ સુધી જીવવાના છે,તેથી તેના વિજયમાં આ નગારૂં વગાડું છું. ધર્મરાજાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. ના જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે.. માટે સત્કાર્ય તરત કરો. યાચકને તરત પાછો બોલાવ્યો અને યથા યોગ્ય દાન આપ્યું.

દાતા હોવા છતાં મીઠું બોલે અને પાત્રને યોગ્ય જોઈને દાન કરે તે સિદ્ધ પુરૂષ કહેવાય છે. જે કંઈ દાન આપવાના શુભ સંકલ્પની સ્ફુરણા થાય તેનો તુરંત જ અમલ કરી દેવો. જે વસ્તુનું તમે આ જન્મમાં દાન કરો તે આવતા જન્મમાં તમને મળે છે.

ભાગવતમાં લખ્યું છે કે તમારી આવકનો પાંચમો




ભાગ દાન કરો, પછી પરિસ્થિતિ બદલાતાં મનુ મહારાજે થોડી છૂટ આપીને કહ્યું કે આવકનો દસમો ભાગ દાનમાં આપજો, અત્યારના જમાનામાં તો ૧% આપે તો પણ ઘણું છે. ઘરમાં આવેલું સઘળું ધન શુદ્ધ નથી હોતું, દાનથી ધનની શુદ્ધિ થાય છે.

ભિખારી ભીખ માંગવા આવતો નથી પણ આપણને ઉપદેશ આપવા આવે છે કે ગયા જન્મમાં મેં દાન આપ્યું નહિ તેથી મારી આ દશા થઈ છે, તમે પણ દાન નહિ આપો તો મારા જેવી દશા થશે.

વામનજી ભગવાન બલિરાજાને ત્યાં દાન લેવા ગયા અને દાન લઈ તેના ઘેર પહેરો ભરવો પડ્યો. જે દાન લે છે તે બંધનમાં પડે છે. વામનજીએ દાન લઈ સ્વર્ગનું રાજ્ય ઈન્દ્રને અને પાતાળનું રાજ્ય બલિરાજાને આપ્યું હતું. ક્યા કર્મના આચરણથી સર્વોત્તમ ગતિ પ્રાપ્ત થાય છે? સત્પાત્રને દાન આપવાથી, સત્ય અને પ્રિય વચન બોલવાથી તથા અહિંસા ધર્મમાં તત્પર રહેવાથી મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે.

ધર્મના ચાર ચરણઃ સત્યદયાતપ અને દાન પ્રસિધ્ધ છે કે જેમાં દાનરૂપી એક ચરણ જ કળિયુગમાં પ્રધાનરૂપે છે. કોઈપણ ઉદ્દેશથી આપવામાં આવેલ દાન કલ્યાણ કરનારૂં છે.

જે કંઈ દાન આપવાના શુભ સંકલ્પની સ્ફુરણા થાય તેનો તુરંત જ અમલ કરી દેવો. સામાન્ય રીતે મનુષ્યની પ્રકૃતિ જ એવી છે કે તે કોઈને પણ કોઈપણ ચીજ આપવા ઈચ્છતો જ નથી..પરંતુ ક્યારેક કોઈને કંઈપણ આપવાની ભાવના જાગે તો આ કામ તુરંત જ કરી દેવું. જીવનમાં આપણે જે કંઈ ખાધું પીધું, ભોગવ્યું તેની કોઈ કિંમત નથી. આપણે બીજાને કેટલું આપ્યું..? તેનું જ મૂલ્ય છે. જે વ્યક્તિ આર્થિક રીતે સંપન્ન હોવા છતાં ધર્મકાર્યમાં દાન આપતાં અચકાય છે તે મૃતક સમાન છે.

ઈતિહાસમાં એક સેવાભાવી મહાપુરૂષનું વર્ણન છે તેમનું નામ છે રહીમજી. તે મહાન ભક્ત કવિ હતા. ધનનું દાન કરવું એ એમનું કર્મ બની ગયું હતું. તે રોજ ધનનું દાન કરતા હતા પરંતુ દાનના પાત્ર કે વ્યક્તિની સામે તે જોતા પણ નહોતા. કોઈએ પુછ્યું તો તેમને કહ્યું કે.. દેનહાર કોઈ ઔર હૈ, ભેજત હૈ દિનરાત, લોગ ભરમ મુજ પે કરે તાતે નીચે નૈન.. તે માનતા હતા કે કીડીને કણ અને હાથીને મણ આપવાવાળો તો પ્રભુ પરમાત્મા છે કોઈને આપવાવાળો હું કોન?

અમે જે દાન આપીએ છીએ તે જ સાચું સોનું છે અને અમે જે કંઈ ભેગું કરીએ છીએ તે તો કાયમના માટે માટી બની જાય છે.

સત્પાત્રને દાન આપવાથી મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે. જે ધન મળ્યું છે તેને વાપરો અને બીજાને આપો, તેનો ફક્ત સંચય ન કરો, નહિ તો સંગ્રહેલું ધન બીજા ઉપાડી જશે. જે ખાય છે અને ખવડાવે છે તે જ ખરો ખાનદાન છે. શાસ્ત્રોમાં ધનની ત્રણ ગતિઓ બતાવી છેઃ દાન ભોગ અને નાશ. દાન આપવામાં આપનારને સમાધાન અને લેનારને સંતોષ મળે છે. ભોગવવામાં ભોગવનારને જ સુખ મળે છે, જે આપતો નથી અને ભોગવતો પણ નથી તેના ધનનો નાશ થાય છે. જે વ્યક્તિ આર્થિક રીતે સંપન્ન હોવા છતાં ધર્મકાર્યમાં દાન આપતાં અચકાય છે તે મૃતક સમાન છે.

એક પ્રાચીન ભજનની પંક્તિ છે કેઃ

ધન મળ્યું પણ મોજ ન માણી કહું કરમની કહાણી રે,
કાં તો ભાગ્ય બીજાનું ભળ્યું,
કાં તો ખોટી કમાણી મારા સંતો
જૂના ધરમ લ્યો જાણી રે

મૃત્યુ પછી સૌથી વધુ આપણે કરેલ દાન જ કામમાં આવે છે એટલે દાન કરવું એ તમામ ધર્મોમાં શ્રેષ્ઠ છે. સંસારમાં આપણે બધા ધનસંપત્તિ કમાઈએ છીએ, સમગ્ર જીવન દરમ્યાન તેનો ભોગ કરીએ છીએ પરંતુ અમે એ નથી જાણતા કે આપણા મૃત્યુ પછી પણ આ સંપત્તિ અમારી સાથે કેવી રીતે આવે તેની વિધિ અમે જાણતા નથી. આ સંપત્તિ અત્યારે જે રૂપમાં અમારી પાસે છે તે રૂપમાં મૃત્યુ પછી અમારી સાથે લઈ જઈ શકવાના નથી.

દાન આપવું એક શુભ કર્મ છે, પુણ્ય કર્મ છે એટલે ઉત્તમ વેદોક્ત કર્મોમાં દાન આપીએ, આસપાસના જરૂરતમંદોને દાન આપીએ, જે લોકો સમાજસેવા કરે છે, પરોપકારના કામો કરે છે, ગૌશાળા અનાથાલય ધર્માર્થ દવાખાના વૃદ્ધાશ્રમ વગેરે સંસ્થાઓ ચલાવે છે, વેદોનો પ્રચાર કરે છે તેમને દાન આપીએ. આ આપણું શુભકર્મ પુણ્યકર્મ કહેવાશે. આ કર્મ આગલા જન્મમાં આપણી સાથે આવશે. થોડું દાન કરવાથી તેનું અનેકઘણું ફળ મળે છે.

# તા. ૨૪-૦૪-૨૦૨૬ના રોજ છે માછી સમાજના ૯ ગામના સમુહલગ્નમાં ૪૦ દિકરીઓ પ્રભુતામાં પગલાં પાડવાની

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**શહેરા, તા.૦૨**
(વિનોદ માછી દ્વારા)

હાલમાં લગ્નસીઝન ચાલી રહી છે, જેમાં અનેક ધનાઢ્ય સદ્ગૃહસ્થો છે તેવી ધાર્મિક સંસ્થાઓ સમુહલગ્નનું આયોજન કરે છે, જે ઘણું જ પ્રશંસનીય કામ છે. માછી સમાજના ૯ ગામનો સમુહલગ્ન તા.૨૪-૦૪-૨૦૨૬ના રોજ છે જેમાં ૪૦ દિકરીઓ પ્રભુતામાં પગલા પાડવાની છે.

મારી જાણકારી મુજબ મારી પરીચિત જુદાજુદા સમાજની તથા સત્સંગી ગૃપની ૧૦ થી ૧૫ દિકરીઓ એવી છે જેના માથે પિતાનું છત્ર નથી, ખુબ જ ગરીબીમાં વિધવા માતાના સહારે જીવન જીવે છે, આવી નિરાધાર દિકરીઓના લગ્નપ્રસંગે વાંચકો તરફથી દિકરીઓને કંઈ ને કંઈ યથાશક્તિ કરિયાવરના રૂપમાં આપીએ તો કેવું?

## ૩ માર્ચ, 'વિશ્વ વન્યજીવન દિવસ'



**પર્યાવરણનું જતન, આબાદ વતન**
**ચાલો વન્યજીવોની રક્ષાનો સંકલ્પ કરીએ.**

વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે વિશ્વ વન્યજીવન દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮મી મહાસભામાં, વિશ્વભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે દર વર્ષે ૩ માર્ચે 'વિશ્વ વન્ય જીવન દિવસ'ની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયની વક્રોક્તિ એ છે કે સતત વધતું પ્રદૂષણ વાતાવરણ પર એ રીતે વિપરિત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવજંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરેધીરે લુપ્ત થવાને આરે છે.

રાજ્યમાં વન વિસ્તારનું વર્ગીકરણ ખુબ જ અસમાન છે. આણંદ જીલ્લો સૌથી ઓછો જંગલ વિસ્તાર ધરાવે છે જ્યારે કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૫૫૯૮.૮૩ ચોરસ કિમી વન વિસ્તાર આવેલો છે. દેશમાં કુલ ભૌગોલીક વિસ્તારનાં ૪ ટકા વન વિસ્તાર વન્ય પ્રાણી રક્ષિત વિસ્તાર જાહેર થયેલો છે. જેની સામે ગુજરાતમાં ૮.૮ ટકા વિસ્તાર પ્રાણીઓ માટે આરક્ષિત છે.

રાજ્યમાં દુર્લભ પ્રાણીઓનાં સંરક્ષણ કાર્યક્રમ અન્વયે ઘણાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો પણ છે. રાજ્યમાં સિંહ, દીપડા, રીંછ, ઘુડખર, કાળીયાર, મગર જેવા વન્યજીવોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં ૫૧૩ જાતિના પક્ષીઓ, ૧૧૪ પ્રજાતિઓનાં સરીસૃપ અને ઉભયજીવી જાતો, ૧૧૧ પ્રજાતિનાં સસ્તન પ્રાણીઓ અને ૭૦૦૦થી વધારે પ્રજાતિઓનાં કીટકો અને મૃદુકાય જીવો જોવા મળી રહ્યા છે. જેમાંથી હવે ઘણા જીવો અલભ્ય થવા લાગ્યા છે. આ વન્ય જીવન દિવસ નિમિત્તે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભડકો

## એકઝાટકે ૧૨% ઉછળી ૮૦ ડોલર પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૨**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષે વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ મચાવી દીધો છે. ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાના હુમલા બાદ મિડલ ઈસ્ટમાં સ્થિતિ તણાવપૂર્ણ બની છે, જેની સીધી અસર વૈશ્વિક ક્રૂડ ઓઈલ બજાર પર જોવા મળી રહી છે. માત્ર એક ઝાટકે ક્રૂડ ઓઈલની કિંમતોમાં 12 ટકાનો મોટો ઉછાળો નોંધાયો છે. આ સંઘર્ષની સૌથી મોટી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડી છે. બ્રેન્ટ ક્રૂડ, જે શુક્રવારે પ્રતિ બેરલ 72 ડોલરના સાત મહિનાના ઉચ્ચતમ સ્તરે બંધ થયું હતું અને 2026ના પહેલા બે મહિનામાં લગભગ 19 ટકા વધ્યું હતું, તે હવે 12 ટકા વધીને 80 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે.યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) પણ 8 ટકા વધ્યો, જે પ્રતિ બેરલ 70 ડોલરના સ્તરને વટાવી ગયો. ઈરાન પર ઈઝરાયલી હુમલાના પહેલા 12 દિવસ પછી, ગયા વર્ષના જૂન પછી પહેલી વાર બ્રેન્ટ ક્રૂડ 80 ડોલરની ઉપર પહોંચી ગયું.ઈરાનની તેલ



ક્ષમતા વૈશ્વિક પુરવઠાને અસર કરે છેજોકે આ ક્ષેત્રમાં ઈરાનનું વર્ચસ્વ ઘટ્યું છે, તે

**ઈરાન પર ઈઝરાયલી હુમલાના પહેલા ૧૨ દિવસ પછી, ગયા વર્ષના જૂન પછી પહેલી વાર બ્રેન્ટ ક્રૂડ ૮૦ ડોલરની ઉપર પહોંચી ગયું**

OPEC+ગઠબંધનમાં ચોથું સૌથી મોટું ઉત્પાદક રહ્યું છે.

સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના જૂથના કુલ ઉત્પાદનમાં ઈરાનનો હિસ્સો 12 ટકા છે. ઈરાન દરરોજ 3.3 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ કાઢવામાં સક્ષમ છે, જે વૈશ્વિક ઉત્પાદનના આશરે 3 ટકા છે. દેશની સૌથી મોટી રિફાઇનરીની ક્ષમતા દરરોજ 500,000 બેરલ છે. બીજી તરફ હોર્મુઝ ખાડીની દરિયાઈ ટ્રાફિક માટે બંધ હોવાના વિરોધાભાસી અહેવાલો છે. જોકે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અલ-જઝીરા સાથેની એક મુલાકાતમાં સ્પષ્ટતા કરી હતી કે આ સામુદ્રધુની બંધ કરવાનો કોઈ ઈરાદો નથી. આ સામુદ્રધુની વૈશ્વિક તેલ પુરવઠાના 20 ટકા અને લગભગ એટલા જ પ્રમાણમાં LNGનું વહન કરે છે, જે તેને અત્યંત સંવેદનશીલ પુરવઠા અવરોધક બનાવે છે. ઈરાનની 90 ટકા ક્રૂડ ઓઈલ નિકાસ પણ તેના દ્વારા ચીનમાં થાય છે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

## ફરી રોહિત-વિરાટ કોહલી ટીમ ઈન્ડિયાની જર્સીમાં કરશે વાપસી

**અફઘાનિસ્તાનની ટીમ ભારતના પ્રવાસે આવશે : બંને દેશો વચ્ચે એક ટેસ્ટ અને ત્રણ મેચની ODI સિરીઝનું આયોજન**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨ :** રોહિત શર્મા અને વિરાટ કોહલી હવે ફક્ત વનડેમાં જ રમે છે. જેના કારણે જ્યારે પણ તેઓ મેદાનમાં ઉતરે છે, ત્યારે ફેન્સ માટે તેમને એક્શનમાં જોવા એક લ્હાવો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી છેલ્લે ન્યુઝીલેન્ડ સામેની સિરીઝમાં રમ્યા હતા. હવે તે સીધા IPLમાં જોવા મળશે. ત્યારે બધાના મનમાં સવાલ હતો કે બંને ટીમ ઈન્ડિયાની જર્સીમાં ફરી ક્યારે જોવા મળશે, જેની હવે જાહેરાત થઈ ગઈ છે.

BCCI એ જાહેરાત કરી છે કે, અફઘાનિસ્તાનની ટીમ ભારતના પ્રવાસે આવશે. બંને દેશો વચ્ચે એક ટેસ્ટ અને ત્રણ મેચની ODI સિરીઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ સિરીઝ દ્વારા રોહિત અને વિરાટ વાપસી કરશે. ભારત અને અફઘાનિસ્તાન ૧૪ જૂને ધર્મશાલામાં ટકરાશે. ત્યારબાદ બંને અનુભવી ખેલાડીઓ ૧૭ જૂને લખનૌ અને ૨૦ જૂને ચેન્નાઈમાં એક્શનમાં જોવા મળશે.

ન્યુઝીલેન્ડ સામે ODI સિરીઝ સમાપ્ત થયા પછી રોહિત શર્મા અને વિરાટ કોહલી હવે IPL 2026 પર ધ્યાન કેન્દ્રિત કરશે. રોહિત શર્માએ ટુર્નામેન્ટની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેના પ્રેક્ટિસ સેશનની કેટલીક તસવીરો પણ સામે આવી છે. વિરાટ કોહલી પણ હાલમાં ભારતમાં છે અને ટૂંક સમયમાં RCB પ્રેક્ટિસ કેમ્પમાં જોડાઈ શકે છે. વિરાટ કોહલીના વિસ્ફોટક પ્રદર્શનથી RCBને ગયા વર્ષે ટ્રોફી જીતવામાં મદદ મળી. તે પોતાની ટીમને ફરીથી વિજય તરફ દોરી જવાનો ટાર્ગેટ રાખશે, જ્યારે રોહિત શર્મા MIને તેમના છઠ્ઠા ખિતાબ તરફ દોરી જવાનો ટાર્ગેટ રાખશે. IPL 2026 માર્ચના છેલ્લા અઠવાડિયામાં શરૂ થવાની શક્યતા છે.

**ગંભીરે ૭ વર્ષ પહેલા કરેલી ભવિષ્યવાણી સાચી પડી**

## સંજુ સેમસને શાનદાર ઈનિંગથી જીતી લીધું ગૌતમ ગંભીરનું દિલ

**સંજુ સેમસન ભલે સદીથી માત્ર ત્રણ રન દૂર રહી ગયો હોય, પરંતુ આ ઈનિંગને હંમેશા યાદ રાખવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨ :** સંજુ સેમસને ધમાકેદાર ૯૭ રનની અણનમ ઈનિંગની મદદથી ન માત્ર ટીમ ઈન્ડિયાને ટી૨૦ વિશ્વકપના સેમીફાઈનલમાં પહોંચાડી છે, પરંતુ ક્રિકેટ જગતમાં ગૌતમ ગંભીરની એક જૂની ભવિષ્યવાણીને સાચી સાબિત કરી છે.



કોલકત્તાના ઈડન ગાર્ડન્સમાં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ૧૯૬ રનના ટાર્ગેટનો પીછો કરતા સેમસને ૫૦ બોલ પર ૧૨ ચોગ્ગા અને ૪ સિક્સની મદદથી ભારતને મહાજીત અપાવી હતી. આ ઈનિંગ જોઈ ફેન્સને ગંભીરનું તે નિવેદન યાદ આવી ગયું, જે તેણે વર્ષો પહેલા આપ્યું હતું.

વર્ષ ૨૦૨૦મા જયારે સેમસન આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમી રહ્યો હતો અને એક મેચમાં શાનદાર ઈનિંગ રમી હતી. ત્યારે ગૌતમ ગંભીરે કહ્યુ હતુ કે, સંજૂ સેમસન ન માત્ર ભારતનો બેસ્ટ વિકેટકીપર-બેટર છે, પરંતુ સૌથી પ્રભાવશાળી યુવા બેટર પણ છે. ગંભીરે કહ્યુ હતુ, સંજુ સેમસન ભારતનો સૌથી સારો યુવા બેટર છે અને જો તે ભારત માટે ન રમી શક્યો તો તે સંજુનું નહીં, પરંતુ ભારતનું નુકસાન હશે. તેણે આશા વ્યક્ત કરી હતી કે સંજુને રોહિત શર્મા અને વિરાટ કોહલીની જેમ સતત તક અને સમર્થન મળવું જોઈએ, કારણ કે તે દુનિયાના શ્રેષ્ઠ બેટરોમાંથી એક બની શકે છે.

આ નિવેદન તે સમયે ખુબ ચર્ચામાં રહ્યું હતું, કારણ કે સેમસનને સતત તક મળતી નહોતી અને ઘણીવાર તે ટીમમાંથી બહાર રહેતો હતો. પરંતુ ગંભીરે તેની ક્ષમતા પર ભરોસો વ્યક્ત કર્યો હતો. આજે સ્થિતિ રસપ્રદ છે, ગૌતમ ગંભીર ખુદ ટીમ ઈન્ડિયાનો હેડ કોચ છે અને સેમસને તેજ રીતે પ્રદર્શન કર્યું, જેવું ગંભીરે વર્ષો પહેલા કર્યું હતું. મેચ બાદ ગંભીરે પ્રેસ કોન્ફરન્સમાં સેમસનની પ્રશંસા કરતા કહ્યું કે તે હંમેશા જાણતા હતા કે સંજુ મહત્વના સમયે ચમકશે. તેમણે કહ્યું- તે વર્લ્ડ ક્લાસ પ્લેયર છે. ટીમને સૌથી વધુ જરૂર હતી તે દિવસે તેણે પોતાની ક્ષમતા દર્શાવી. આશા છે કે આ તેનો કિક ઓફ કરવાનો સમય છે. હજુ બે મેચ બાકી છે. અમને સંજુની ટેલેન્ટ વિશે પહેલાથી જાણકારી હતી.

સંજુ સેમસન ભલે સદીથી માત્ર ત્રણ રન દૂર રહી ગયો હોય, પરંતુ આ ઈનિંગને હંમેશા યાદ રાખવામાં આવશે, જેમ ગૌતમ ગંભીરની ૨૦૧૧ વર્લ્ડ કપ ફાઈનલની ઈનિંગને યાદ કરવામાં આવે છે.

ગંભીરે પણ ૨૦૧૧ના વર્લ્ડ કપ ફાઈનલમાં ૯૭ રનની ઈનિંગ રમી હતી. હવે તેના શિષ્ય સંજુ સેમસને પણ તેજ રીતે ૯૭ રન બનાવી ગંભીરનું હૃદય ગર્વથી ભરી દીધું. બંનેએ મહત્વની મેચમાં રનચેઝ કરતા ૯૭ રન બનાવી પોતાની ટીમને જીત અપાવી હતી.

**કોચ પદ છોડવાના સંકેત આપ્યા**

## T20 વર્લ્ડ કપથી બહાર ફેંકાતા જ શ્રીલંકન દિગ્ગજ જયસૂર્યા દુઃખી

**જયસૂર્યાના નિવેદનથી એ સંકેત મળે છે કે હેડ કોચ તરીકેનો તેમનો કાર્યકાળ હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૦૨ :** ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકન ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ સનથ જયસૂર્યાએ પોતાના ભવિષ્ય અંગે એક મોટો સંકેત આપ્યો છે. શ્રીલંકાના હેડ કોચ જયસૂર્યાએ સ્પષ્ટ કર્યું છે કે, હું હાલમાં પદ નથી છોડી રહ્યો, પરંતુ જો શ્રીલંકા ક્રિકેટ (SLC)ને યોગ્ય વિકલ્પ મળે તો હું જવાબદારી સોંપવા માટે તૈયાર છું. જયસૂર્યાના નિવેદનથી એ સંકેત મળે છે કે હેડ કોચ તરીકેનો તેમનો કાર્યકાળ હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગયો છે.

પાકિસ્તાન સામે ૫ રનથી મળેલી હાર નજીકની બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં સનથ જયસૂર્યાએ કહ્યું કે, મારા ભવિષ્ય અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો.

તેમનો વર્તમાન કોન્ટ્રાક્ટ જૂન ૨૦૨૬ સુધી છે. હવે શ્રીલંકાની આ જ મહિને અફઘાનિસ્તાન સામે મર્યાદિત ઓવરની સીરિઝ યોજાવાની છે, તો આવી સ્થિતિમાં બોર્ડ હાલ માટે સ્થિરતા જાળવી રાખવાના પક્ષમાં હોઈ શકે છે.

સનથ જયસૂર્યાએ કહ્યું કે, મેં વિચાર્યું હતું કે, હું આ જવાબદારી બીજા કોઈને સોંપી દઉં. ઈંગ્લેન્ડ સીરિઝ દરમિયાન બે મહિના પહેલા પણ મેં કહ્યું હતું કે મારી અહીં લાંબા સમય સુધી રહેવાની યોજના નથી. જે રીતે વર્લ્ડ કપ સમાપ્ત થયો તેનો મને અફસોસ છે. છેલ્લા દોઢ વર્ષમાં અમે અમારા રેન્કિંગમાં સુધારો કર્યો છે અને ટીમને વધુ સારી સ્થિતિમાં પહોંચાડી છે. મારો કોન્ટ્રાક્ટ જૂનમાં સમાપ્ત થઈ રહ્યો છે. મેં હજુ સુધી સત્તાવાર રીતે બોર્ડને મારો નિર્ણય નથી જણાવ્યો.

શ્રીલંકાનું T20 વર્લ્ડ કપ અભિયાન શરૂઆતથી જ સંઘર્ષપૂર્ણ રહ્યું. લીગ સ્ટેજમાં ઝિમ્બાબ્વે સામે ચોંકાવનારી હાર છતાં શ્રીલંકાની ટીમ સુપર ૮ સ્ટેજમાં પહોંચી. ત્યારબાદ સુપર ૮ સ્ટેજમાં તેને ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન સામે હારનો સામનો કરવો પડ્યો. પાકિસ્તાન સામેની મેચ સૌથી પીડાદાયક સાબિત થઈ. ૨૧૩ રનના પીછો કરવા માટે શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ ૭૬ રનની વિસ્ફોટક અણનમ ઈનિંગ રમી, પરંતુ ટીમ માત્ર ૫ રનથી લક્ષ્ય ચૂકી ગઈ. ૨૦૧૪ની ચેમ્પિયન શ્રીલંકા ટીમ સતત પાંચમી વખત T20 વર્લ્ડ કપના સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી.

૨૦૨૪ના મધ્યમાં કાર્યકારી કોચ તરીકે કાર્યભાર સંભાળનારા સનથ જયસૂર્યાને તે જ વર્ષે કાયમી હેડ કોચ તરીકે નિયુક્ત કરી દેવામાં આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન શ્રીલંકાએ અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી. ૨૭ વર્ષ બાદ ભારત સામે પહેલી વાર દ્વિપક્ષીય વનડે સીરિઝ જીતી. ઈંગ્લેન્ડ સામે ઓવલ મેદાન પર યાદગાર ટેસ્ટ જીત હાંસલ કરી. બજી તરફ ઘરઆંગણે ન્યુઝીલેન્ડ સામે ૨-૦ થી ટેસ્ટ સીરિઝ પર કબજો જમાવ્યો.

---

**ભારતને યૂરેનિયમ આપશે કેનેડા**

# પીએમ મોદી અને પીએમ કાર્નીની મુલાકાત દરમિયાન અનેક કરાર પર થયા હસ્તાક્ષર

**બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે : વેપારને $50 બિલિયન સુધી વધારવાનો લક્ષ્યાંક રાખ્યો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ સોમવારે દિલ્હીમાં મુલાકાત કરી. આ દરમિયાન બંને દેશો વચ્ચે અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર થયા. બેઠક બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે, બંને દેશો વચ્ચે સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર થયો છે. બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે. હવે બંને દેશો વેપાર, ઊર્જા અને ટૅક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ દેખાય છે. આ બેઠક દરમિયાન ભારત અને કેનેડાએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન ડૉલર સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા દાયકામાં પીએમ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગયું છે. અહીં માથાદીઠ આવકનો વિકાસ એવો રહ્યો છે જે ઇતિહાસમાં બહુ ઓછો જોવા મળ્યો છે. કેનેડા તમારા આ જ ઉત્સાહ અને હેતુની ભાવનાને શેર કરે છે. મને લાગે છે કે આ નવા યુગમાં સફળતાનો માર્ગ ૨૦૨૩માં તમારા G20 અધ્યક્ષપદના વિષય 'One Earth, One Family, One Future' માં સારી રીતે દર્શાવવામાં આવ્યો છે, કારણ કે આપણા સમયના પડકારોને કોઈ પણ દેશ એકલો ઉકેલી શકતો નથી.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા એક વર્ષમાં કેનેડા અને ભારતની સરકારો વચ્ચે જે સંવાદ થયો છે, તે છેલ્લા બે દાયકામાં થયેલા તમામ સંવાદો કરતા વધુ છે. આ માત્ર સંબંધોનું નવીકરણ નથી, પરંતુ નવા ઉત્સાહ, ધ્યાન અને દૂરદર્શિતા સાથે એક મૂલ્યવાન ભાગીદારીનો વિસ્તાર છે. આ બે આત્મવિશ્વાસુ દેશો વચ્ચેની ભાગીદારી છે, જેઓ પોતાના ભવિષ્યની દિશા પોતે નક્કી કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, વિશ્વમાં ચાલી રહેલા અનેક તણાવો પર ભારતનું વલણ સ્પષ્ટ છે. અમે હંમેશા શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાની વાત કરતા રહ્યા છીએ, અને જ્યારે બે લોકશાહી દેશો સાથે ઉભા રહે છે, ત્યારે શાંતિનો અવાજ વધુ મજબૂત બને છે. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ આપણા માટે ઊંડી ચિંતાનો વિષય છે. ભારત તમામ વિવાદોને સંવાદ અને રાજદ્વારી માધ્યમથી ઉકેલવાનું સમર્થન કરે છે અને ક્ષેત્રમાં તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ દેશો સાથે ગાઢ સહયોગ ચાલુ રાખશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કેનેડા ભારત માટે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર છે. અમે તેમના ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશનમાં ડાયલોગ પાર્ટનર બનવામાં રસ દાખવવા બદલ સ્વાગત કરીએ છીએ, જેનાથી આપણા દરિયાઈ સહયોગમાં નવી ઊંડાઈ આવશે. તેમણે કહ્યું કે, આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરવાદ માત્ર બંને દેશો માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતા માટે ગંભીર અને સમાન પડકાર છે. તેમની સામેનો આપણો ગાઢ સહયોગ વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે મહત્વપૂર્ણ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આપણા સંબંધોની સૌથી મોટી તાકાત લોકો વચ્ચેનું જોડાણ છે. આજે અમે તેને વધુ મજબૂત કરવા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આરોગ્ય, કૃષિ અને ઈનોવેશનના ક્ષેત્રોમાં ઘણી યુનિવર્સિટીઓ વચ્ચે નવી ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, કેનેડિયન યુનિવર્સિટીઓ દ્વારા ભારતમાં કેમ્પસ ખોલવા પર પણ સહમતિ બની છે. આદિવાસી અને જનજાતીય સમુદાય આપણી સમાન સાંસ્કૃતિક વિરાસતનો મહત્વપૂર્ણ હિસ્સો છે. બંને પક્ષો વચ્ચે આજે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવા માટે એક MoU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા.

પીએમ મોદીએ કહ્યું કે, ભારતમાં ઈન્ડિયા-કેનેડા પલ્સ પ્રોટીન સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે, સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રમાં વધતો સહયોગ આપણા ઊંડા પરસ્પર વિશ્વાસ અને સંબંધોની પરિપક્વતાનું પ્રતીક છે. બંને દેશો સંરક્ષણ ઉદ્યોગ, દરિયાઈ ક્ષેત્રની દેખરેખ અને સૈન્ય આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે. આ હેતુથી આજે ઈન્ડિયા-કેનેડા ડિફેન્સ ડાયલોગ સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

CAMECO ના અધ્યક્ષ ટિમ ગિટ્ઝેલ અને કેનેડામાં ભારતના હાઈ કમિશનર દિનેશ પટનાયકે પરમાણુ ઉર્જા વિભાગ અને CAMECO વચ્ચે યુરેનિયમ અયસ્ક પુરવઠા કરારના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

પીએમ મોદીએ કહ્યું, આજે સાઈન કરવામાં આવેલા ક્રિટિકલ મિનરલ્સ પરના MoU થી સપ્લાય ચેઈનની મજબૂતી વધશે. અવકાશ ક્ષેત્રમાં અમે બંને દેશોના સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગોને જોડીશું. ઉર્જા ક્ષેત્રમાં અમે આગલા સ્તરની ભાગીદારી બનાવી રહ્યા છીએ, જેમાં હાઈડ્રોકાર્બન્સ, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને ઉર્જા સંગ્રહ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું, અમે ટેકનોલોજી અને ઈનોવેશનમાં સ્વાભાવિક ભાગીદાર છીએ. ભારત-કેનેડા ઈનોવેશન પાર્ટનરશિપ હેઠળ અમે નવા વિચારોને વૈશ્વિક ઉકેલોમાં બદલીશું. હું વડાપ્રધાન કાર્નીનો આભાર માનું છું કે તેમણે ગયા મહિને ભારતમાં આયોજિત AI ઈમ્પેક્ટ સમિટની સફળતામાં કેનેડાનું મહત્વનું યોગદાન આપ્યું. અમે AIની સાથે સાથે ક્વોન્ટમ, સુપર કોમ્પ્યુટિંગ અને સેમિકન્ડક્ટર્સમાં સહયોગ વધારીશું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, અમને ખુશી છે કે કેનેડાએ આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સમાં સામેલ થવાનો નિર્ણય લીધો છે. આપણા સહિયારા પ્રયાસોને આગળ વધારવા માટે અમે આ વર્ષે ભારત-કેનેડા રિન્યુએબલ એનર્જી એન્ડ સ્ટોરેજ સમિટનું આયોજન કરીશું. સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં અમે લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે. અમે સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર પણ સાથે કામ કરીશું.

કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ અને કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે CEPA માટે ટર્મ્સ ઓફ રેફરન્સ અને સંયુક્ત પલ્સ પ્રોટીન સેન્ટર ઓફ એક્સેલન્સ પર ડિક્લેરેશન ઓફ ઈન્ટેન્ટના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, હું મારા મિત્ર વડાપ્રધાન કાર્નીને આપણા સહયોગમાં વધતી ગતિ માટે શ્રેય આપું છું. ભારત અને કેનેડા લોકશાહી મૂલ્યોમાં અટલ વિશ્વાસ ધરાવે છે. અમે વિવિધતાની ઉજવણી કરીએ છીએ. માનવતાનું કલ્યાણ એ આપણી સમાન દ્રષ્ટિ છે. આ જ દ્રષ્ટિ આપણને દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરિત કરે છે. આજે અમે આ દ્રષ્ટિને આગલા સ્તરની ભાગીદારીમાં બદલવા પર ચર્ચા કરી. આપણું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં વેપારને ૫૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનું છે. આર્થિક સહયોગની પૂરેપૂરી શક્યતાઓને અનલોક કરવી એ અમારી પ્રાથમિકતા છે. તેથી અમે ટૂંક સમયમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (Comprehensive Economic Partnership Agreement) ને અંતિમ સ્વરૂપ આપવાનો નિર્ણય લીધો છે. આનાથી બંને દેશોમાં નવા રોકાણ અને રોજગારીની તકો ઊભી થશે. કેનેડિયન પેન્શન ફંડ્સે ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. તે ભારતના વિકાસની વાર્તામાં તેમના ઊંડા વિશ્વાસનું પ્રતીક છે. આજે અમે બંને દેશોના બિઝનેસ લીડર્સને પણ મળીશું. તેમના સૂચનો આપણી આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પીએમ નરેન્દ્ર મોદી અને કેનેડાના પીએમ માર્ક કાર્નીની હાજરીમાં ભારત, કેનેડા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેકનોલોજી અને ઈનોવેશનમાં સહયોગ પર દ્વિપક્ષીય MoUના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

કેનેડાના પીએમ માર્ક કાર્ની સાથેની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, દુનિયામાં બહુ ઓછા લોકો છે જેમના સીવી (CV)માં બે દેશોમાં સેન્ટ્રલ બેન્કિંગના નેતૃત્વનો સમાવેશ થાય છે. આપણી પ્રથમ મુલાકાત પછી આપણા સંબંધો વધુ મજબૂત થયા છે, અને પરસ્પર વિશ્વાસ અને સકારાત્મકતાએ ઝડપી ગતિ હાંસલ કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, હું વડાપ્રધાન કાર્નીનું ભારતમાં સ્વાગત કરતા ખૂબ જ ખુશ છું. આ તેમની ભારતની પ્રથમ મુલાકાત છે. અમે તેને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનીએ છીએ. તેમણે ગયા વર્ષે કેનેડામાં G7 બેઠકમાં મારું અને મારી ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આજે તેમનું આ જ ઉષ્મા સાથે સ્વાગત કરવું અમારા માટે સન્માનની વાત છે.

કેનેડાના વિદેશ મંત્રી અનીતા આનંદ અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પીએમ નરેન્દ્ર મોદી અને કેનેડાના પીએમ માર્ક કાર્નીની હાજરીમાં ત્રણ કરારો (MoUs) પર દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું, જેમાં મહત્વપૂર્ણ ખનિજ સહયોગ, રિન્યુએબલ એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન અને સાંસ્કૃતિક સહયોગ સામેલ છે.

---

**ભીડને વિખેરવા પોલીસનો લાઠીચાર્જ**

## ખામેનેઈના મોત પર જમ્મુ-કાશ્મીરમાં હિંસક પ્રદર્શન

**ખામેનેઈના મોતનો વિરોધ કરવા માટે જમ્મુ-કાશ્મીરમાં રવિવાર બાદ સોમવારે પણ બંધ પાડવામાં આવ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જમ્મુ, તા.૦૨**

અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મોતની અસર છેક ભારત સુધી પહોંચી ગઈ છે. સાવચેતીના ભાગરૂપે જમ્મુ-કાશ્મીરમાં તમામ જિલ્લાઓમાં પ્રતિબંધ હોવા છતાં ખામેનેઈની હત્યાના વિરોધમાં ત્યાં છેલ્લા બે દિવસથી બંધ અને પ્રદર્શનો ચાલી રહ્યા છે. આ દેખાવો વધુ ઉગ્ર ન બને અને કોઈ મોટી સમસ્યા ઉભી ન થાય તેને ધ્યાને રાખીને પોલીસે ભીડને વિખેરવા ટીયર ગેસના સેલ છોડ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે.

ખામેનેઈના મોતનો વિરોધ કરવા માટે જમ્મુ-કાશ્મીરમાં રવિવાર બાદ સોમવારે પણ બંધ પાડવામાં આવ્યો છે, જેના કારણે ખીણમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અનેક સ્થળોએ મનાઈ હુકમનું ઉલ્લંઘન કરી પ્રદર્શનો યોજાયા હતા, જેને અટકાવવા માટે પોલીસ અને અર્ધસૈન્ય દળોએ બળપ્રયોગ કરવો પડ્યો છે.

જમ્મુ-કાશ્મીર સતત બે દિવસ સુધી બંધની અસર માર્કેટ, પરિવહન અને ઓફિસો પર જોવા મળી છે. અહીં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ અને અર્ધસૈનિક દળોની ટુકડીઓ તહેનાત કરી દેવાઈ છે. તમામ શિક્ષણ સંસ્થાઓમાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી છે અને ઈન્ટરનેટ સેવાની સ્પીડ સિમિત કરી દેવાઈ છે. તંત્રએ સાવધાનીના ભાગરૂપે અનેક વિસ્તારોમાં એલર્ટ વધારી દીધું છે.

પોલીસે સ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે સતત પેટ્રોલિંગ પણ વધારી દીધું છે. અધિકારીઓએ લોકોને શાંતિ જાળવવા અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી છે.

શ્રીનગરના અનેક વિસ્તારોના રસ્તાઓ બંધ કરી દેવાયા છે. બારામુલા, પટ્ટન, માંગામ, બડગામ, પુલવામા, શોપિંયા અને બંદીપોરાના શિયા બહુમતીવાળા વિસ્તારોમાં પણ જનજીવન ઠપ થઈ ગયું છે. તંત્ર દ્વારા પ્રતિબંધ છતાં શિયા સમુદાયના લોકો એકઠા થયા છે. દેખાવકારોએ હાથમાં પોસ્ટર અને અમેરિકા-ઈઝરાયલ વિરોધી સૂત્રો લખીને લાલચોક તરફ દેખાવો કરવાનો પ્રયાસ કર્યો છે.

બટમાલૂ પાસે પોલીસ અને CRPFના જવાનોએ દેખાવકારોને આગળ જતા અટકાવવાનો અને નિયમોનું ઉલ્લંઘન ન કરવા વિનંતી કરી છે. જોકે તેમ છતાં ભીડે રોષે ભરાઈને ધક્કા-મુક્કી કરવાનો અને બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો છે. કેટલાક દેખાવકારોના હાથમાં પેલેસ્ટાઈની, ઈરાન અને હિઝબુલ્લાના ઝંડા હોવાનું સામે આવ્યું છે. સ્થિતિને થાળે પાડવા માટે સુરક્ષા દળોએ લાઠીચાર્જ, ટીયર ગેસના સેલ છોડવા પડ્યા છે, જેના કારણે હિંસક અથડામણ શરૂ થઈ ગઈ છે. દેખાવકારો વારંવાર એકઠા થઈને આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા છે, જોકે સુરક્ષા કર્મચારીઓ દ્વારા લગભગ એક કલાકની જહેમત બાદ સ્થિતિ પર કાબુ મેળવી લેવાયો છે અને ભીડને પણ ખદેડી દેવાઈ છે.

---

## અબુ ધાબીનું BAPS મંદિર ૯ માર્ચ સુધી બંધ રહેશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અબુ ધાબી, તા.૦૨**

મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વધુ તંગ બનતા UAEમાં અબુ ધાબી સ્થિત BAPS હિન્દૂ મંદિર આજ ૨ માર્ચ થી ૯ માર્ચ સુધી પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યું છે. મંદિર ટ્રસ્ટ તરફથી સત્તાવાર રીતે કરેલી જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે, હાલની સ્થિતિને જોતાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખી સાવચેતીના પગલાં રૂપે અબુ ધાબી સ્થિત BAPS હિન્દૂ મંદિર ૯ માર્ચ સુધી બંધ રહેશે. આ દરમિયાન સ્વામી તમામની શાંતિ, સુરક્ષા અને કલ્યાણ માટે મંદિરમાં પ્રાર્થના કરતાં રહેશે. આ સાથે મંદિર ટ્રસ્ટે અફવાઓથી દૂર રહેવા, શાંતિ જાળવવા અને સરકારી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી કરી છે.

સંયુક્ત આરબ અમીરાત(UAE) તરફથી આપવામાં આવેલી જાણકારી મુજબ, ઈરાની હુમલાઓમાં ૫૮ લોકો સામાન્ય રીતે ઘાયલ થયા છે જેમાં એક ભારતીય નાગરિકનો પણ સમાવેશ થાય છે. અબુ ધાબી સ્થિત ભારતીય દૂતાવાસે ૧ માર્ચ ૨૦૨૬ના રોજ કહ્યું હતું કે એક ભારતીય નાગરિક ઘાયલ થવાની જાણકારી મળતા તે હોસ્પિટલ તંત્ર સાથે સંપર્કમાં છે. UAEના સંરક્ષણ મંત્રાલય તરફથી દાવો કરવામાં આવ્યો છે. યુદ્ધ શરૂ થતાં UAEની સેનાએ ૧૬૫ બેલિસ્ટિક મિસાઈલો, બે ક્રુઝ મિસાઈલો અને ૫૪૧ ડ્રોનથી હુમલાઓનો સામનો કર્યો છે. આ પહેલા રવિવારે રાત્રે પીએમ મોદીએ UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે પણ વાત કરી હતી. ઈરાને UAE પર જે હુમલા કર્યા તેની ભારતે આકરા શબ્દોમાં નિંદા કરી છે. ઈરાન-અમેરિકા યુદ્ધ પર વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દુનિયામાં તણાવ ચાલી રહ્યો છે. ભારતીયોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. ભારત વિશ્વમાં હંમેશા શાંતિ અને સ્થિરતાના પક્ષમાં છે. આતંકવાદ તમામ માટે પડકાર છે.

એકલા UAEમાં જ લગભગ ૩૯ લાખ ભારતીયો વસે છે. જો યુદ્ધ વધે તો આ તમામ નાગરિકોની સુરક્ષા ભારત માટે સૌથી મોટો પડકાર બની શકે છે. ભારત અને UAE વચ્ચે વાર્ષિક ૧૦૦ અબજ ડૉલરનો વેપાર થાય છે. યુદ્ધની અસર સીધી ભારતીય અર્થતંત્ર પર પડી શકે છે.

# ઈરાનની પરમાણુ સાઇટ પર હુમલો કરાયો : રેડિએશન ફેલાવાનું જોખમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તેહરાન, તા.૦૨**

અમેરિકા-ઈઝરાયેલે ઈરાનની પરમાણુ સાઈટ પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. રોયટર્સની રિપોર્ટ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષક સંસ્થામાં ઈરાનના રાજદૂત રઝી નજફીએ જણાવ્યું કે ઈરાનના નાતાન્ઝ પરમાણુ સંકુલને અમેરિકા અને ઈઝરાયલે ટાર્ગેટ કર્યું છે.

હુમલાની પુષ્ટિ કરતા નજાફીએ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીની બોર્ડ મીટિંગમાં પત્રકારોને જણાવ્યું કે, "અમેરિકા અને ઈઝરાયલે ફરીથી ઈરાનના શાંતિપૂર્ણ અને દેખરેખ હેઠળની પરમાણુ સુવિધાઓ પર હુમલો કર્યો." આ મામલે રોઈટર્સ દ્વારા પૂછવામાં આવ્યું કે કઈ પરમાણુ સાઈટને નિશાન બનાવવામાં આવી છે ત્યારે રઝી નજફીએ જણાવ્યું નટાન્ઝ પરમાણુ સાઈટ પર હુમલો કરવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી એટલે કે IAEAના ૩૫ દેશના બોર્ડ ઓફ ગવર્નર્સની બેઠકમાં નજફી દ્વારા આ નિવેદન આપવામાં આવ્યું છે. ઈરાને આ હુમલાને તેની શાંતિપૂર્ણ ચાલી રહેલી પરમાણુ ગતિવિધિઓ પર સીધો હુમલો જણાવ્યો. ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન બાદ સંગઠન દ્વારા માનવામાં આવ્યું કે, રેડિએશનના ખતરાને આ મુદ્દે નકારી ન શકાય. જોકે આ મામલે અમેરિકા કે ઈઝરાયલ દ્વારા કોઈ પુષ્ટિ કરવામાં નથી આવી જેથી એવું માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલ પર દબાણ બનાવવા આ ઈરાનનો એક પ્રયાસ હોઈ શકે. આ પહેલા દુબઈમાં આવેલી ઓઈલ રિફાઈનરી અરામકો પર ઈરાને હુમલો કરી દીધો છે. આપને જણાવી દઈએ કે આ દુનિયાની સૌથી મોટી તેલ કંપની છે. સાથે જ ઈરાન દ્વારા ઈઝરાયેલ, કતાર અને બહેરીન પર પણ હુમલો કરવામાં આવ્યો છે. સાઉદી અરબ દ્વારા સરકારી તેલ કંપની અરામકો પર ડ્રોન હુમલા બાદ રાસ તનુરા તેલ રિફાઈનરીને બંધ કરી દીધી છે. જેથી એવી માહિતી પણ સામે આવી છે કે બ્રેંટ ક્રૂડ ઓઈલની કિંમત ૯.૩૨ ટકા વધી જવાની છે. જે જગ્યાએ ઈરાન દ્વારા હુમલો કરવામાં આવ્યો છે, તે જગ્યા સાઉદીની સૌથી સ્ટ્રેટેજિક સાઈટ પૈકીની એક છે. આ હુમલા બાદ પ્રોસેસિંગ કોમ્પ્લેક્સમાં આગ લાગી ગઈ હતી. જોકે એવી માહિતી સામે આવી છે કે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો અને કોઈ જાનહાનિ નથી થઈ. જોકે આ ઘટના જરૂરી એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ચિંતાનો વિષય બની છે.

સાઉદીના રક્ષા મંત્રાલયના પ્રવક્તાએ અલ અરબિયા ટીવીથી કહ્યું કે, આ હુમલામાં કોઈ સામાન્ય નાગરિક ઘાયલ નથી થયા. સાથે જ તેમણે કહ્યું અરામકોના રાસ તનુરા પર ૨ ડ્રોન રોકવામાં આવ્યા હતા. જોકે આ પરિસ્થિતિને લઈને વિશ્વમાં ૪ વર્ષ બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. કારણકે હોર્મુજ સ્ટ્રેટથી વેપાર રોકાઈ ગયો છે. આ એક એવો રસ્તો છે જ્યાંથી રોજ દુનિયાના પાંચમા હિસ્સાનું કાચું તેલ જાય છે.

### ટ્રમ્પના નિવેદને મિડલ ઈસ્ટમાં ટેન્શન વધાર્યું

# ‘એક મહિનાથી પણ વધુ સમય ચાલશે યુદ્ધ’ : ટ્રમ્પ

**અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાનમાં લોકશાહી પાંગરી શકે છે અને ત્યાં ઘણી સકારાત્મક વસ્તુઓ થઈ શકે છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**વૉશિંગ્ટન, તા.૦૨**

અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન પરના હુમલાઓ વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સૈનિકોની શહાદત પર દુઃખ વ્યક્ત કરવાની સાથે ભવિષ્યની રણનીતિ અંગે મહત્વના સંકેતો આપ્યા છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે, મધ્ય પૂર્વમાં અમેરિકી સૈન્ય અભિયાન અત્યારે પૂરી તાકાત સાથે ચાલુ છે અને આ યુદ્ધની સ્થિતિ એક મહિનાથી પણ વધુ સમય સુધી લંબાઈ શકે છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુદ્ધમાં જાન ગુમાવનારા ત્રણ અમેરિકી સૈનિકોને ‘મહાન’ ગણાવ્યા છે. તેમણે સ્વીકાર્યું હતું કે, તેમના બીજા કાર્યકાળમાં આ પ્રથમ અમેરિકી જાનહાનિ છે. અગાઉ વેનેઝુએલાના તાનાશાહ નિકોલસ માદુરોની ધરપકડ અને ઈરાની પરમાણુ મથકો પર કરાયેલી બોમ્બમારીમાં કોઈ મૃત્યુ થયા નહોતા. ટ્રમ્પે જણાવ્યું કે, અધિકારીઓએ શહીદ સૈનિકોના પરિવારોનો સંપર્ક કર્યો છે અને તેઓ પોતે પણ યોગ્ય સમયે આ પરિવારોને મળશે. ઈરાન સાથે ભવિષ્યમાં વાતચીતની શક્યતા પર ટ્રમ્પે હકારાત્મક વલણ દાખવ્યું છે. તેમણે જણાવ્યું કે, ઈરાની પક્ષ વાતચીત કરવા ઈચ્છે છે, પરંતુ તેમણે આ પ્રયાસ ગયા અઠવાડિયે જ કરવાની જરૂર હતી. હાલમાં ટ્રમ્પ જનરલો સાથે બેઠક કરી રહ્યા છે અને સ્થિતિનું સતત અપડેટ મેળવી રહ્યા છે.

ટ્રમ્પે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું કે, સાઉદી અરેબિયા પણ આ લડાઈમાં સામેલ થઈ રહ્યું છે, કારણ કે તેને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તેમણે બહેરીન, કતાર અને જોર્ડન જેવા મિત્ર દેશોના નેતાઓ સાથે પણ ચર્ચા કરી છે.

ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે, અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાનમાં લોકશાહી પાંગરી શકે છે અને ત્યાં ઘણી સકારાત્મક વસ્તુઓ થઈ શકે છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, હું ઈરાનની સેનાને કહી દેવા માગુ છું કે તેઓ સરન્ડર કરી દે. જો તેઓ આવું નહીં કરે તો તેમનો ખાત્મો નક્કી જ છે. ઈરાન પર અમે એવી તાકાતથી હુમલો કરીશું કે અગાઉ ભૂતકાળમાં ક્યારેય નહીં થયું હોય.

### દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફસાઈ સોનલ ચૌહાણ

# યુએસ-ઈરાન તણાવ વચ્ચે અબુ ધાબીમાં ફસાઈ ઈશા ગુપ્તા

**સુરક્ષિત છીએ, સમય ખૂબ જ મુશ્કેલ છે; જલ્દી ભારત પાછા ફરવાની આશા વ્યક્ત કરી : અભિનેત્રી ઈશા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૨ :** ‘જન્નત’ ૨ ફેમ અને એક્ટ્રેસ ઈશા ગુપ્તાએ રવિવારે જણાવ્યું કે, અમેરિકા-ઇઝરાયેલ દ્વારા ઇરાન પર મિસાઈલ હુમલાઓ પછી વધેલા US-ઇરાન સંઘર્ષ વચ્ચે તેઓ હાલમાં સંયુક્ત આરબ અમીરાત (UAE) ના અબુ ધાબીમાં સુરક્ષિત છે. તેણે કહ્યું કે, વર્તમાન સમય ભયાવહ છે અને આશા વ્યક્ત કરી કે તે જલ્દી જ ભારત પાછા ફરશે.

ઈશાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, "જે પણ લોકો ખબરઅંતર પૂછી રહ્યા છે અને મેસેજ કરી રહ્યા છે, હું જવાબ ન આપવા બદલ માફી માંગુ છું. અમે ઠીક છીએ, અમે સુરક્ષિત છીએ. સમય ભયાવહ છે, ખૂબ મુશ્કેલ છે."

તેણે આગળ લખ્યું, "ભગવાન આપણી રક્ષા માટે છે. વિશ્વાસ છે કે સંયુક્ત આરબ અમીરાતનું સંરક્ષણ મંત્રાલય લોકોની સુરક્ષા અને બચાવ માટે પોતાનું શ્રેષ્ઠ કરી રહ્યું છે. તમામ પ્રભાવિત લોકો માટે, જેઓ પણ ફસાયેલા છે, તેમની સુરક્ષા માટે સૌથી ઉપર પ્રાર્થના કરી રહી છું. આશા છે કે જલ્દી જ ઘરે પાછી ફરીશ." આ પહેલા શનિવારે તેમણે ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર આકાશની તસવીર શેર કરીને "અબુ ધાબી" લખીને પોતાની લોકેશનની પુષ્ટિ કરી હતી.

એક્ટ્રેસ સોનલ ચૌહાણ UAE ના દુબઈમાં ફસાયેલી છે. તાજેતરમાં ઈરાને દુનિયાના ૮ દેશો પર હુમલો કર્યો છે, જેમાં દુબઈ પણ સામેલ છે. આ સ્થિતિમાં દુબઈની તમામ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે, જેના કારણે એક્ટ્રેસ ભારત પાછી ફરી ન શકી. એક્ટ્રેસે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારત પાછા ફરવા માટે મદદની અપીલ કરી હતી.

‘જન્નત’ ફેમ સોનલ ચૌહાણે પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા જણાવ્યું છે કે તે દુબઈમાં અસુરક્ષિત અનુભવી રહી છે અને જલ્દી ભારત પાછા ફરવા માંગે છે. સોનલે લખ્યું છે, માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી, હું હાલમાં ચાલી રહેલા સંકટ વચ્ચે દુબઈમાં ફસાયેલી છું. ફ્લાઈટ્સ રદ થઈ ગઈ છે અને ભારત પાછા ફરવાનો કોઈ સ્પષ્ટ રસ્તો નથી. હું સુરક્ષિત ઘરે પાછા ફરવા માટે સરકાર પાસેથી માર્ગદર્શન અને સહયોગની અપેક્ષા રાખું છું. કોઈપણ મદદ માટે હું હૃદયપૂર્વક આભારી રહીશ.

સોનલ ચૌહાણ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફસાયેલા ઘણા મુસાફરોમાં સામેલ છે. અચાનક ફ્લાઈટ્સ રદ થવાથી મુસાફરો મૂંઝવણભરી સ્થિતિમાં છે અને સત્તાવાર ઘોષણાઓની રાહ જોઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં એરપોર્ટ ટર્મિનલ પર ભારે ભીડ અને ચિંતિત મુસાફરોને જોઈ શકાય છે. આ સંકટ પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યા પછી શરૂ થયું છે. ઇઝરાયેલ અને અમેરિકા દ્વારા ઇરાનના સૈન્ય અને પરમાણુ ઠેકાણાઓ પર સંયુક્ત હુમલાઓ પછી સ્થિતિ વધુ વણસી ગઈ. તેના જવાબમાં, ઈરાન અને ઈરાક સહિતના ઘણા દેશોએ તેમના હવાઈ ક્ષેત્રો બંધ કરી દીધા છે, જેનાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર વ્યાપક અસર પડી છે.

# ઈરાનમાં યુદ્ધ વચ્ચે પાકિસ્તાન સળગ્યું! : અમેરિકાની એમ્બેસી પર હુમલા બાદ ૩૫ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**લાહોર, તા.૦૨**

ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈના મોતના સમાચાર બાદ પાકિસ્તાનમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરાયેલા હુમલામાં ખામેનેઈના મૃત્યુના વિરોધમાં પાકિસ્તાનના અનેક શહેરોમાં હિંસક પ્રદર્શનો શરૂ થયા છે. ખાસ કરીને કરાચી, લાહોર અને સ્કારદુ જેવા શહેરોમાં દેખાવકારોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, જેમાં અત્યાર સુધીમાં અંદાજે ૩૫ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. કરાચીમાં શિયા સંગઠનોએ અમેરિકન કોન્સ્યુલેટ પાસે તોડફોડ અને આગજની કરી હતી, જેને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોએ ટીયર ગેસ છોડ્યો હતો અને જવાબી કાર્યવાહી કરવી પડી હતી.

કરાચીમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની હિંસક અથડામણમાં ૧૬ લોકોના મોત થતા સ્થિતિ અત્યંત ગંભીર બની છે. આ ઉપરાંત સ્કારદુમાં દેખાવકારોએ અમેરિકન ઓફિસને આગ ચાંપી દેતા ૭ લોકોના જીવ ગયા છે, જ્યારે ઈસ્લામાબાદ અને ગિલગિટમાં પણ હિંસાના કારણે અનેક મોત નોંધાયા છે. પરિસ્થિતિને જોતા કરાચી પ્રશાસને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા બંદોબસ્ત સખત કરી દીધો છે અને મુખ્ય રસ્તાઓ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસે પણ લોકોને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ન જવા માટે ચેતવણી આપી છે.

માત્ર પાકિસ્તાન જ નહીં, પરંતુ ઈરાનની રાજધાની તેહરાન અને ઈસ્ફહાનમાં પણ ખામેનેઈના સમર્થકો રસ્તા પર ઉતરી આવ્યા છે. અમેરિકા અને ઈઝરાયલ વિરોધી સૂત્રોચ્ચાર સાથે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા આ તણાવ અને નેતન્યાહૂ સરકારના આક્રમક વલણની અસર હવે પડોશી દેશોમાં પણ હિંસા અને અરાજકતાના રૂપમાં દેખાઈ રહી છે.




### રાજ કપૂરના કહેવા પર અમિતાભે ગીત ગાયું હતું

# ‘રંગ બરસે’ વગર હોળીનાં તહેવારની મજા છે અધૂરી




**૧૯૮૧ માં રિલીઝ થયેલી યશ ચોપરાની ફિલ્મ ‘સિલસિલા’ નું આ સોન્ગ આજે પણ હોળી પર લોકો ખાસ વગાડતા હોય છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

હોળી આવતાં જ બોલિવૂડનાં સોન્ગ યાદ આવી જાય છે. બોલિવૂડનાં અનેક ગીતો એ હોળીનાં તહેવારની પરિભાષા બદલી દીધી છે. રંગ બરસે ભીગે ચુનરવાલી, રંગ બરસે...આ ગીત હોળીનાં દિવસોમાં ખાસ ફેમસ થઈ જાય છે. ૧૯૮૧ માં રિલીઝ થયેલી યશ ચોપરાની ફિલ્મ ‘સિલસિલા’ નું આ સોન્ગ આજે પણ હોળી પર લોકો ખાસ વગાડતા હોય છે. પરંતુ શું તમે જાણો છો આ હિટ ગીત અમિતાભ બચ્ચનનાં પિતા હરિવંશ રાય બચ્ચને લખ્યું હતું? આ સોન્ગની સૌથી મોટી ખાસિયત એ છે કે અમિતાભ બચ્ચને પોતે આ ગીતમાં અવાજ આપ્યો હતો. ગીતનાં શબ્દો અમિતાભ બચ્ચનનાં પિતા હરિવંશ રાય બચ્ચને લખ્યાં છે અને સાથે સંગીત શિવ-હરી (પંડિત શિવકુમાર શર્મા અને હરિપ્રસાદ ચૌરસિયા) એ આપ્યું હતું. આ ગીત આજે પણ હોળીનાં તહેવાર પર વગાડીને લોકો ઉત્સવ મનાવતા હોય છે.

આ વાત જાણીને તમને નવાઈ લાગશે કે આ ગીત અસલમાં રાજસ્થાનનાં લોક ભજન પર આધારિત છે. માનવામાં આવે છે કે આ ગીતની ધૂન અને બોલ મીરાનાં ભજનથી પ્રેરિત છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને રેખાએ પ્રેમીની ભૂમિકા નિભાવી હતી. આ કારણે તે સમયે અફવાઓએ જોર પકડ્યું હતું કે રિયલ લાઈફમાં પણ બન્નેની વચ્ચે કંઈક આવું જ હશે. આમ, હોળીનાં આ સોન્ગમાં બન્નેની કેમેસ્ટ્રી ગજબની જોવા મળે છે.’

સિલસિલા’ માં જયા અને રેખા પહેલીવાર સાથે સ્ક્રીન પર આવ્યા હતા. હોળી સીનમાં અમિતાભ રેખાને રંગ લગાવે છે, જ્યારે જયા (શોભા) પાસે ઊભી રહીને જુએ છે. આ સીન ફિલ્મની કહાનીનો હિસ્સો છે, પરંતુ રિયલ લાઈફમાં જયા માટે ભાવનાત્મક રીતે મુશ્કેલ સાબિત થયું હશે. રિપોર્ટ્સ અનુસાર આ સીન દરમિયાન જયા ચૂપચાપ આ બધું જોતી રહી હતી. રાજ કપૂરના આર.કે. સ્ટુડિયોની હોળી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ફેમસ રહી છે, એ તો બધા જાણે છે. પરંતુ અહીં માત્ર હોળીની મજા જ ન હતી, પરંતુ અહીં ઘણા લોકોની કારકિર્દીને પણ સહારો મળ્યો હતો. અમિતાભ બચ્ચન પણ તેમાંથી એક છે. આર.કે. સ્ટુડિયોમાં હોળીની મસ્તી વચ્ચે ઘણા નવા કલાકારોને પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા દિગ્ગજ કલાકારો સામે તેમની પ્રતિભા બતાવવાનો મોકો મળ્યો હતો.

### રાજકુમાર રાવ આ ફિલ્મમાં સૌરવ ગાંગુલીની મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે

## સૌરવ ગાંગુલીની બાયોપિકમાં ગજરાજ રાવ દાલમિયાના રોલમાં



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સૌરવ ગાંગુલીની બાયોપિકમાં ક્રિકેટ જગતના તે સમયના બીસીસીઆઈ પ્રમુખ જગમોહન દાલમિયાની ભૂમિકા માટે ગજરાજ રાવની પસંદગી કરાઈ હોવાનું જાણવા મળે છે. ફિલ્મમાં સૌરવના પિતાની ભૂમિકા માટે બોમન ઈરાની તથા માતાની ભૂમિકા માટે અપરાજિતા આધ્યાને સિલેક્ટ કરાયા હોવાનું કહેવાય છે.

રાજકુમાર રાવ આ ફિલ્મમાં સૌરવ ગાંગુલીની મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. તેણે પોતાને આ પાત્રમાં ઢાળવા માટે મહેનત શરૂ કરી દીધી છે. વિક્રમાદિત્ય મોટવાનેના દિગ્દર્શન હેઠળ બની રહેલી ફિલ્મનું શૂટિંગ આગામી તા.૧૬મી માર્ચથી શરૂ થવાનું હોવાની ચર્ચા છે. ફિલ્મનું શૂટિંગ કોલકત્તાના વિખ્યાત ઈડન ગાર્ડન સ્ટેડિયમ ઉપરાંત લંડનનાં ઐતિહાસિક લોર્ડ્સ સ્ટેડિયમ ખાતે પણ થશે. રાજ કુમાર રાવ સૌરવ ગાંગુલીના પરિવાર સાથે પણ કેટલોક સમય ગાળવાનો છે.

# ‘અક્ષય ખન્ના રણવીર સિંહથી મોટો સ્ટાર છે?’: શોભા ડે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

લેખિકા-કૉલમિસ્ટ શોભા ડે એ ફિલ્મ ‘ધુરંધર’માં અક્ષય ખન્નાના રોલને લઈને થઈ રહેલી હાઈપ પર પ્રશ્ન ઉઠાવ્યો છે. એક પોડકાસ્ટમાં તેમણે કહ્યું કે, અક્ષય ખન્નાના રોલ અને ડાન્સ મૂવ્સને ખૂબ જ વધારી-ચઢાવીને બતાવવામાં આવ્યા છે. શોભા ડે એ ‘રેડિફ ઓરિજિનલ્સ પોડકાસ્ટ’માં ફિલ્મ વિશે પોતાનો અભિપ્રાય શેર કરતા કહ્યું, ‘મને લાગ્યું કે જે પ્રકારનું વાતાવરણ બનાવવામાં આવ્યું હતું, તે થોડું મેનિપ્યુલેટિવ હતું. એવું બતાવવામાં આવ્યું જાણે અક્ષય ખન્ના રણવીર કરતાં મોટા સ્ટાર હોય અને તેમણે આખી ફિલ્મને પોતાના દમ પર સંભાળી લીધી હોય. તેમના ડાન્સને પણ ખાસ રીતે રજૂ કરવામાં આવ્યો. જોકે ડાન્સ ખરેખર શાનદાર હતો અને વાયરલ પણ થયો, પરંતુ તેને જે રીતે પ્રમોટ કરવામાં આવ્યો, તે સમજી-વિચારીને બનાવેલી રણનીતિ જેવું લાગ્યું.’

ત્યાં જ, જ્યારે પોડકાસ્ટમાં ફિલ્મ ‘ધુરંધર’ને લઈને જ્યારે હૃતિક રોશનના નિવેદનનો ઉલ્લેખ કરવામાં આવ્યો, જેમાં તેણે કહ્યું હતું કે, તેને ફિલ્મ પસંદ આવી, પરંતુ તે તેની રાજનીતિથી સહમત નથી. શોભા ડે એ તેના પર પોતાની પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે, ‘કોઈએ હૃતિકને પૂછ્યું ન હતું કે તે ફિલ્મના રાજકારણ સાથે સહમત છે કે નહીં. તેમના મતે, આ તેમની પોતાની પસંદગી હતી કે તેમણે આ પાસા પર ટિપ્પણી કરી.’

શોભા ડેએ હળવા અંદાજમાં કહ્યું કે, ‘જો તેઓ ઈચ્છતા, તો ફક્ત એટલું જ કહી શકતા હતા કે તેમને ફિલ્મ ગમી. રાજકારણ પર અભિપ્રાય આપવો જરૂરી નહોતો.’ નોંધનીય છે કે, હૃતિકે ફિલ્મ જોયા પછી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે, તેને ફિલ્મની સ્ટોરીટેલિંગ ગમી. તેમણે કહ્યું હતું કે, તે ફિલ્મના રાજકારણ સાથે સહમત નથી, પરંતુ સિનેમાના વિદ્યાર્થી તરીકે તેણે તેમાંથી ઘણું શીખ્યું. હૃતિકે લખ્યું હતું કે, ‘મને સિનેમા ગમે છે. મને એવા લોકો ગમે છે, જે વાર્તામાં સંપૂર્ણપણે ડૂબી જાય છે. ‘ધુરંધર’ તેનું ઉદાહરણ છે. મને તેની વાર્તા કહેવાની રીત ગમી. હું તેની રાજનીતિ સાથે સહમત નથી. તેમ છતાં તેને અવગણી શકાય નહીં.’ જોકે, થોડા કલાકો પછી તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (અગાઉ ટ્વિટર) અને ઈન્સ્ટાગ્રામ પર ફરીથી પોસ્ટ કર્યું. તેણે ડિરેક્ટર આદિત્ય ધર અને એક્ટર રણવીર સિંહના વખાણ કર્યા. તેણે લખ્યું કે, ફિલ્મ હજુ પણ તેના મગજમાં ચાલી રહી છે.

ફિલ્મ ‘ધુરંધર’ ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી. તેમાં રણવીર સિંહ એક ભારતીય જાસૂસ બન્યો હતો. રણવીર ઉપરાંત ફિલ્મમાં અક્ષય ખન્ના, સંજય દત્ત, અર્જુન રામપાલ અને આર માધવન પણ હતા. ફિલ્મે વિશ્વભરમાં ૧૩૦૦ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો હતો.

### ‘નૌટંકી બંધ કરો’ કહીને સંભળાવ્યું

# અમિતાભ બચ્ચનની રહસ્યમય ટ્વિટ પર ભડક્યા યુઝર્સ

**૩૯ વર્ષ વીતી ગયા હોવા છતાં રામાનંદ સાગરની રામાયણ શોના દરેક પાત્રો આજે પણ લોકોના હૃદયમાં જીવંત છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલીવુડના શહેનશાહ અમિતાભ બચ્ચન પોતાની ફિલ્મોની સાથે સાથે સોશિયલ મીડિયા પરની અજીબોગરીબ પોસ્ટ માટે પણ જાણીતા છે. જોકે, હાલમાં જ તેમણે કરેલી એક ટૂંકી ટ્વિટને કારણે નેટિઝન્સનો પિત્તો ગયો છે.

83 વર્ષીય બિગ બી અવારનવાર ‘નંબર ગેમ’ અને કોયડા જેવી વાતો લખતા હોય છે, પરંતુ આ વખતે યુઝર્સની ધીરજ ખૂટી હોવાની વાત કહી અભિનેતાને આડે હાથ લીધા હતા. સોશિયલ મીડિયા પર લોકો આ ટ્વિટને વર્તમાન વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિ સાથે જોડીને અલગ-અલગ અર્થ કાઢી રહ્યા છે.આજે અમિતાભ બચ્ચને પોતાના X (ટ્વિટર) એકાઉન્ટ પર માત્ર એટલું લખ્યું કે- "T 5672 - હો ગયા." આ જોઈને લોકોએ સવાલોનો મારો ચલાવ્યો હતો. કેટલાક લોકોએ આ પોસ્ટને અમેરિકા-ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા સાથે જોડી દીધી હતી, તો કેટલાકે તેમની આ શૈલીનું નાટક ગણાવ્યું હતું.



એક યુઝરે ગુસ્સામાં લખ્યું હતું કે "હા, યુદ્ધ થઈ ગયું, હવે તમે ચૂપ રહો. તો અન્ય એકે સલાહ આપી કે સર, તમે આટલા મોટા કલાકાર છો, થોડું સેન્સિબલ ટ્વિટ કરો, નંબર ગેમ છોડી તમારા વિચાર સાંભળવા માંગીએ છીએ, આવું નાટક નહીં કરો.

બિગ બીની આ પ્રકારની ટ્વિટ્સથી પરેશાન થયેલા યુઝર્સે તેમને પબ્લિક ફિગર તરીકેની જવાબદારી યાદ અપાવી હતી. લોકોનું કહેવું છે કે, દુનિયા તેમને સાંભળવા માંગે છે, તેમના વિચારો જાણવા માંગે છે, નહીં કે આવા રહસ્યમય નંબરો. હદ તો ત્યારે થઈ જ્યારે એક યુઝરે અભિષેક બચ્ચનને ટેગ કરીને સલાહ આપી દીધી કે તેણે પોતાના પિતાને કોઈ સારા ડૉક્ટરને બતાવવા જોઈએ. યુઝર્સનો ગુસ્સો એ વાત પર વધુ છે કે અમિતાભ ક્યારેય યુવાનોને પ્રેરણા આપે તેવા સ્પષ્ટ વિચારો રજૂ કરતા નથી.

અમિતાભ બચ્ચન હાલમાં પોતાની બ્લોકબસ્ટર ફિલ્મ ‘કલ્કી 2898 AD’ના સિક્વલના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેમની સાથે પ્રભાસ અને કમલ હાસન જેવા દિગ્ગજ કલાકારો છે. રસપ્રદ વાત એ છે કે, આ સિક્વલમાં સાઈ પલ્લવીએ દીપિકા પાદુકોણને રિપ્લેસ કરી હોવાની ચર્ચા છે.

તાજેતરમાં જ તેમણે ‘કૌન બનેગા કરોડપતિ 18’નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. 2023 પછી ફેન્સ તેમને મોટા પડદે જોવા માટે આતુર છે, પરંતુ હાલમાં તો તેઓ ફિલ્મો કરતા પોતાની ટ્વિટ્સને કારણે વધુ ચર્ચામાં છે.

# વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરિયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં દરેક વિદ્યાર્થીઓને વર્ગ ખંડના શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે પણ વિશેષ તાલીમ આપી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહ ખૂબ જ ઉત્સાહ અને ગર્વ સાથે કોલેજના ઓડીટોરીયમ હોલમાં ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપીના પ્રમુખ જ્યોતિ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ સંસ્થાના ચેરમેન એ. કે. શાહ, ટ્રસ્ટી ભારતીબેન સુમેરીયા, પ્રવિણાબેન શાહ તથા નોટીફાઈડ એરીયા મહામંત્રી બિમલભાઈ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મુખ્ય મહેમાને તેમના પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને તેમની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ અભિનંદન આપ્યા અને સાંસ્કૃતિક અને રમતગમત પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાના સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ ધ્યેયો માટે પ્રયત્નશીલ રહેવા અને તેમના પ્રદર્શનમાં સાતત્ય જાળવવા માટે પ્રેરિત કર્યા હતા. એપ્રિલ ૨૦૨૫ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની પરીક્ષામાં સૌથી વધુ SGPA મેળવવા અને કોલેજ ટોપર્સ તરીકે ઉભરી આવવા બદલ કુલ ૨૭ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં, ૬૫ વિદ્યાર્થીઓને તેમના સમર્પણ અને સ્પર્ધાત્મક ભાવનાને માન્યતા આપીને, આંતર-વર્ગ પ્રથમ ક્રમ મેળવવા અને વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં પ્રથમ, બીજા અને ત્રીજા સ્થાન પ્રાપ્ત કરવા બદલ પ્રમાણપત્રો અને સ્મૃતિચિન્હો એનાયત કરવામાં આવ્યા હતા. ઉજવણીમાં સાંસ્કૃતિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં પ્રતિભાને પણ માન્યતા આપવામાં આવી હતી. રંગોળી, ગરબા, એડ મેડ શો, ડ્રામા, ફેશન શો, ગાયન, મોનો એક્ટિંગ, ડાન્સ અને વર્ષભરમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ મેળવનાર ૧૪૨ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિન્હો એનાયત કરવામાં આવ્યા હતા. આ સમારોહ શૈક્ષણિક પ્રતિભા, રમતગમત અને સાંસ્કૃતિક સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપીને સંસ્થાની સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આમ ઈનામ વિતરણ કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી.ચૌહાણે મુખ્ય મહેમાન, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપી ભવિષ્યમાં પણ સફળ થવા તેમજ ઉજવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

# ધરમપુરમાં દાદા શરદભાઈ અને યુવા ભાગવતાચાર્ય આશિષભાઈ વ્યાસની સંયુક્ત ભાગવત કથાનો પ્રારંભ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

ધરમપુરના વ્યાસ તીર્થ ખાતે આજથી શ્રીમદ્ ભાગવત કથાનો પાવન પ્રારંભ થયો છે. ધાર્મિક વિશ્વમાં મહત્વ ધરાવતો આ કાર્યક્રમ આ વર્ષે વિશેષ કારણોસર વધુ ચર્ચામાં છે, કારણ કે વ્યાસ પીઠના ઈતિહાસમાં પહેલી વાર પૂજ્ય શરદભાઈ વ્યાસ દાદા અને તેમના આત્મજ યુવા ભાગવતાચાર્ય પૂજ્ય આશિષભાઈ વ્યાસ એક જ વ્યાસ પીઠ પરથી સંયુક્ત ભાગવત કથા વાંચન કરી રહ્યા છે. ધરમપુર અને આજુબાજુના વિસ્તારોમાં આ પ્રસંગને લગતું ઉત્સાહ સ્પષ્ટપણે અનુભવાઈ રહ્યું છે.

સવારે ધર્મુદાદા પાર્કથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. ઢોલ નગાડાના તાલ સાથે શંખનાદ, હરિભક્તોના જયઘોષ અને સુશોભિત પાળખી દ્વારા પોથીયાત્રાએ શહેરમાં ભક્તિ અને ઉત્સાહનો અનોખો માહોલ સર્જ્યો હતો. પોથીયાત્રા વ્યાસ તીર્થ સુધી પહોંચતા ભક્તોનું વાદળ જેવું જનમેદની સ્વાગત માટે ઉમટી પડ્યું હતું.

પોથીયાત્રા બાદ વ્યાસ પીઠ પર કથાનો મંગલ પ્રારંભ થયો હતો. પૂજ્ય શરદભાઈ વ્યાસ દાદાએ મંત્રોચ્ચાર સાથે કથાનો પ્રારંભ કર્યો અને શ્રીમદ્ ભાગવતના પવિત્ર શ્લોકોથી પવિત્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. દૈનિક કથા સવારે ૯:૩૦ થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૩૦ વાગ્યા સુધી યોજાશે. સાત દિવસ સુધી ચાલનારી આ કથામાં ભક્તિ, જ્ઞાન અને સંસ્કારના અમૃતમય પ્રસંગોનું વર્ણન થશે.

આ પાવન આયોજનના યજમાન અલકાબેન અને ભાવેશભાઈ ભીડે પરિવાર મુંબઈ તથા પાર્વતીબેન અને શિવગણભાઈ રામાણી પરિવાર બેંગલોર છે, ભાગવત કથામાં દેશના વિવિધ સ્થાનોથી તથા ધરમપુરનાં સ્થાનિક ભક્તો ઉમટી પડ્યા હતા. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ અમિત ચોરેરા, નગરપાલિકા સભ્ય સમીપ રાંચ સહિતના મહાનુભાવો પોથી યાત્રામાં અને કથામાં જોડાયા હતા.

# આગામી તા.૨૫મીએ ગણદેવી તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૨**

ગણદેવી તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫મી માર્ચ ૨૦૨૬ના રોજ મામલતદાર કચેરી, ગણદેવી ખાતે સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. જે માટેની ફરિયાદ અરજીઓ 'તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ માર્ચ ૨૦૨૬ ' દર્શાવી અરજી મામલતદારશ્રી, ગણદેવી ખાતે ટપાલ મારફત અથવા રૂબરૂમાં ૧૦/૦૩/૨૦૨૬ સુધી મોકલી આપવી. અરજીમાં કયા ખાતાને લગતી બાબત છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે તેમ મામલતદારશ્રી ગણદેવી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# નવસારી જિલ્લામાં કસ્બાપાર-વિરાવળ-નવસારી રોડ પર આવેલા પૂર્ણા નદીના બ્રીજ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૨**

નવસારી જિલ્લામાં આવેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) જે વર્ષ ૧૯૭૮માં બનાવવામાં આવ્યો હતો. તાજેતરમાં વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલ હોનારતને ધ્યાને લેતા બ્રીજનું ઈન્સ્પેક્શન કરતાં બ્રીજ ખરાબ કન્ડીશનમાં હોવાથી ભારે વાહનોની અવર જવર માટે બંધ કરવો હિતાવહ છે. જેથી સલામતીના ભાગ રૂપે આ બ્રીજ ભારે વાહનો, એસ.ટી બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વ્હીકલની અવરજવર પર પ્રતિબંધ મૂકી ફક્ત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજનના વાહનોની અવર-જવર ચાલુ રાખી શકાશે.

જે અન્વયે નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલી સત્તાની રૂએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કબાપર-વિરાવળ-નવસારી રોડ) પર ૧૩૦૧ આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ.મી.૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ દરમિયાન સુરત તથા સચીનથી નવસારી તરફ આવતા ભારે વાહનો મરોલી-વેસ્મા રોડથી નેશનલ હાઈવે-૪૮થી નવસારી તરફ તેમજ કસ્બાપાર-આમરી-ધોળાપીપળા રોડથી નેશનલ હાઈવે-૪૮ થી નવસારી તરફ જઈ શકાશે. નવસારીથી સુરત તથા સચિન (તરફ જતાં ભારે વાહનો નવસારીથી નેશનલ હાઈવે-૪૮ થી મરોલી-વેસ્મા રોડ) થી સુરત તથા સચિન તરફ જવાશે. નવસારીથી નેશનલ હાઈવે-૪૮થી કસ્બાપાર-આમરી-ધોળાપીપળા રોડથી સુરત તથા સચિન તરફ જઈ શકાશે.

સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો કરબાપાર ત્રાણ રસ્તા, આમરી ધોળાપીપળા-ને.હા. નં-૪૮-ગ્રીડ થઈ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકશે. સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો મરોલી-વેરમા રોક-ને.હા.નં.૪૮-ગ્રીડ થઈ શહેરમાં પ્રવેશ કરી શકાશે. સુરત-સચીન, તરફ જવા માટે વિવેકાનંદ સર્કલ થી ગ્રીડ-ને.હા. ૪૮ વેસ્માથી મરોલી રોડનો ઉપયોગ કરી સુરત તરફ જઈ શકશે. સુરત, સચીન તરફ જવા માટે-વિવેકાનંદ સર્કલથી ગ્રીડ ને.હા.૪૮ ધોળાપીપળાથી આમરી કરબાપાર ત્રણ રસ્તા થઈ સુરત તરફ જઈ શકશે. આ હુકમ તાત્કાલિક અસરથી આગામી તા.૨૯/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘંન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલના સ્વૈચ્છિક નિવૃત્તિ સન્માન સમારોહ પ્રસંગે ઉમટેલી જનમેદની



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૦૨**

ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ ફેડરેશનનાં કાઉન્સિલર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં બાહોશ પ્રમુખ એવાં શ્રી કિરીટભાઈ જયંતિલાલ પટેલનાં સ્વૈચ્છિક નિવૃત્તિનાં અવસરે તેમનાં ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અમીકુંજ વાડી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

શિક્ષણનાં સૂર્ય અને સંગઠનનાં સિંહ તરીકે જાણીતા શ્રી કિરીટભાઈ પટેલની શિક્ષણ જગતમાં ૩૮ વર્ષની ગૌરવવંતી શૈક્ષણિક સફર અને સંગઠન ક્ષેત્રે અપ્રતિમ યોગદાન ઉપરાંત તેમની ઓલપાડ તાલુકાથી લઈને રાજ્ય સ્તર સુધી શિક્ષકોનાં હિત માટે નીડર અને ન્યાયસંગત ભૂમિકાનું ઋણ અદા કરવાનાં મંગલમય અવસરે જિલ્લાભરમાંથી શિક્ષક ભાઈ-બહેનો, નિવૃત્ત કર્મચારીઓ, સરપંચો, ગ્રામજનો, પરિવારજનો, મિત્રમંડળ, અધિકારીઓ-પદાધિકારીઓ સહિત વિવિધ તાલુકા, જિલ્લા તથા રાજ્ય શિક્ષક સંગઠનનાં હોદ્દેદારો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

માજી વન અને પર્યાવરણ મંત્રી અને ઓલપાડનાં ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલનાં પ્રમુખ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રી (સ્વતંત્ર હવાલો) અને હાંસોટ-અંકલેશ્વરનાં ધારાસભ્ય શ્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રારંભે દીપ પ્રજ્વલન બાદ ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી બળદેવભાઈ પટેલે સૌને શાબ્દિક આવકાર આપી શ્રી કિરીટભાઈનો જીવન વૃતાંત રજૂ કર્યો હતો.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં શ્રી કિરીટભાઈની તાલુકાથી લઈ રાષ્ટ્રીય સ્તર સુધીની એક નીડર સંગઠન પ્રહરી તરીકેની નિ:સ્વાર્થ ભૂમિકાની સરાહના કરી હતી.

મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે પોતાનાં વક્તવ્યમાં શ્રી કિરીટભાઈની સંઘર્ષથી સફળતા સુધીની યાત્રાને ઉજાગર કરી તેમને એક સારા મિત્ર ગણાવ્યા હતાં. બીજી તરફ સુરતનાં પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી અને માજી માધ્યમિક શિક્ષણ સચિવ શ્રી ડી.એસ.પટેલે શ્રી કિરીટભાઈને શિક્ષણ જગતનાં ધ્રુવ તારક ગણાવી તેમને પ્રાપ્ત થયેલ 'નેશનલ એવોર્ડ, 'રાજ્યપાલ એવોર્ડ' અને કર્મયોગી રોલ મોડેલ એવોર્ડ જેવાં અનેક સન્માનોની બાબતને બિરદાવી હતી.

આ તકે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શ્રી કિરીટભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માનપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ અભૂતપૂર્વ અવસરે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટે વિશાળ જનમેદની સમક્ષ શ્રી કિરીટભાઈ પટેલને ખેસ પહેરાવી જણાવ્યું હતું કે, અમારા રાજકીય નેતૃત્વમાં નવું મોરપિંચ્છ ઉમેરાયું છે જેનો અમને ગર્વ સાથે આનંદ છે. સમારોહનાં પ્રમુખ સ્થાને બિરાજમાન ઓલપાડનાં ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલે પોતાનાં મનનીય પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો જ નથી, તે હંમેશા પ્રવૃત્ત જ રહે છે તેથી તો તેનાં ચહેરાની ચમક બધાંથી અલગ જ હોય છે. આજે આપણે સૌ કિરીટભાઈને નિવૃત્તિની નહીં બલ્કે પુન:પવૃત્તિ માટેની શુભેચ્છા પાઠવવા એકત્રિત થયાં છીએ. આ બહુમુખી પ્રતિભાનાં બહુમાનમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ ભાવિનીબેન પટેલ, ઓલપાડ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ નીતાબેન પટેલ, જિલ્લાઓ પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અરૂણકુમાર અગ્રવાલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ વ્યાસ, ગુજરાત રાજ્ય કર્મચારી મહા મંડળનાં પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી શ્રી જૈમિનભાઈ પટેલ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી શ્રી અરવિંદભાઈ ચૌધરી ઉત્સાહપૂર્વક સહભાગી થયાં હતાં.

પોતાનાં પ્રતિભાવમાં ભીની આંખે કિરીટભાઈએ તેમની સમગ્ર પ્રગતિનો શ્રેય તેમની સ્વર્ગસ્થ ધર્મપત્ની શિલ્પાબેનને સમર્પિત કર્યો હતો. અંતમાં સેવામૂર્તિની સ્વૈચ્છિક નિવૃત્તિને યાદગાર બનાવવા તાલુકાનાં શિક્ષણ આલમે ડીજેનાં તાલ સાથે વાજતગાજતે શ્રી કિરીટભાઈને બગીમાં સવાર કરી તેમનાં માદરે વતન સ્યાદલા સુધી ભાવભીની વિદાય આપી હતી.

# પાલઘરની કેમિકલ કંપનીમાં ગેસ લીકેજ: ધોળા દિવસે ધુમ્મસ જેવો માહોલ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર ,તા.૦૨**



ગુજરાત અને મહારાષ્ટ્રની બોર્ડર પર આવેલી ભગેરિયા કેમિકલ કંપનીમાં ગેસ લીકેજ થતા અફરાતફરીનો માહોલ છવાયો છે. મહારાષ્ટ્રના પાલઘરમાં આવેલી બોઈસર ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી ભગેરિયા કેમિકલ કંપનીમાંથી મોટાપાયે ગેસ લીકેજ થતા આસપાસના વિસ્તારમાં તેની અસર થતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હવામાં ગેસ ભળી જતા ધુમ્મસ જેવું વાતાવરણ સર્જાયું હતું. ગેસ લીકેજ થતાં કંપનીમાંથી કામદારો બહાર દોડી આવ્યા હતા. ગેસની અસરને કારણે કંપનીના કામદારો અને આસપાસના વિસ્તારના લોકોને પણ તેની અસર થઈ હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ અને સંબંધિત વિભાગની ટીમો દોડતી થઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા જોતા વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી સલામતીના ભાગ રૂપે આસપાસના વિસ્તારની કંપનીઓમાંથી કામદારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યાં હતાં. સદનસીબે આ ઘટનામાં હજુ કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ, પોલીસ અને સંબંધિત વિભાગની ટીમો સ્થળ પર પહોંચી ગેસ લીકેજ પર કાબૂ મેળવવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે હજુસુધી ગેસ લિકેજનું કારણ જાણી શકાયું નથી.

પોલીસ અધિક્ષક યતીશ દેશમુખે જણાવ્યું હતું કે, લીકેજના સ્ત્રોતને રોકવા માટે ટીમો કામ કરી રહી છે. "ફાયર બ્રિગેડ, જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આનાથી ગભરાવવાની જરૂર નથી." જિલ્લા કલેક્ટર અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના વડા ડો. ઈન્દુ રાણી જાખડના જણાવ્યા અનુસાર, આ ઘટના બપોરે બે વાગ્યે ઔદ્યોગિક પટ્ટામાં સલવાડ અને પાસ્તલ ગામ નજીક આવેલી કંપનીમાં બની હતી.

## દ્વારકામાં જામ્યો હોળીનો માહોલ

# કાનાની ભક્તિમાં વિદેશીઓ ઘેલા થયા, ગુલાલ અને ભક્તિના રંગે રંગાયા શ્રદ્ધાળુઓ



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**દ્વારકા,તા.૦૨**

દેવભૂમિદ્વારકાના વિશ્વપ્રસિદ્ધ જગત મંદિરમાં હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે 'ફૂલડોલ ઉત્સવ'ની ભવ્ય ઉજવણી શરૂ થઈ ગઈ છે. ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા અને કાળિયા ઠાકોરના સંગાથે હોળી રમવા માટે લાખો શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટી પડ્યું છે. આ વર્ષે ઉત્સવમાં દેશી ભક્તોની સાથે વિદેશી મહેમાનો પણ કૃષ્ણ ભક્તિમાં લીન જોવા મળ્યા હતા.હોળીના પર્વે દ્વારકાધીશના દર્શનનું વિશેષ મહત્ત્વ હોવાથી ગુજરાત સહિત દેશભરમાંથી લાખો પદયાત્રીઓ દ્વારકા પહોંચી રહ્યા છે. આજે ફૂલડોલ ઉત્સવ પહેલા અનેક વિદેશી પ્રવાસીઓ પણ ભગવાનના દર્શને પહોંચ્યા હતા. તેઓએ ભારતીય સંસ્કૃતિ અને હોળીના પર્વનો આનંદ માણી, શ્રદ્ધાળુઓ સાથે 'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી'ના

**આ વર્ષે ઉત્સવમાં દેશી ભક્તોની સાથે વિદેશી મહેમાનો પણ કૃષ્ણ ભક્તિમાં લીન જોવા મળ્યા હતા**

નાદ સાથે ભક્તિના રંગે રંગાયા હતા. દિર પ્રશાસન અને સ્થાનિક પોલીસ દ્વારા ભીડને નિયંત્રિત કરવા અને શ્રદ્ધાળુઓને સુગમ દર્શન થાય તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છેકે, ફૂલડોલ ઉત્સવને લઈને ભાવિકો અને પદયાત્રિકો ઉમટી પડશે. ત્યારે દર્શનાર્થીઓની સુરક્ષા અને સુવિધાઓને લઈને જિલ્લા વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રિકો હાથી ગેટથી ગોમતી ઘાટના દર્શન કરીને છપ્પન સીડી મારફતે મંદિરમાં પ્રવેશ કરી શકશે. દર્શનાર્થીઓની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે હાથી ગેટથી એક કિલોમીટર સુધીનું બેરિકેટિંગ કવચ ઊભું કરવામાં આવશે. યાત્રિકોને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તે હેતુથી મંદિર પરિસરમાં પણ મજબૂત સુરક્ષા કવચ ગોઠવવામાં આવ્યું છે.

**PASSPORT CORRECTION**

WRONGLY MENTIONED BIRTH PLACE:
**VALSAD**
**ORIGINAL PLACE OF BIRTH :**
**AMBAWADI, MOTI DAMAN**
**OLD NAME:** SURESHBHAI PATEL
**NEW NAME: SURESHBHAI LALLUBHAI PATEL**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા તથા નગર હવેલી અને દમણ તથા દીવ,
ફાયર અને ઇમરજન્સી સેવાઓ વિભાગ,
ફાયર ફોર્સ હેડક્વાર્ટર, નાની દમણ,
દમણ.215 396 –

ઇ-ટેન્ડર સૂચના

**કાર્ય નું નામ:** ૪૦ HP OBM સાથે રોટોમોલ્ડેડ પોલિઇથિલિન બોટનો પુરવઠો, કમિશનિંગ અને પરીક્ષણ.

તારીખ : 20-02-2026
છેલ્લી તારીખ: 06-03-2026
E-Mail ID: sfo-dmn-dd@nic.in
Address: The Director, Fire & Emergency Services, Fire Force Headquarters, Somnath, Nani Daman – 396210.
Phone No. 0260 2244060, 2244111.

No. IP/DMN/2/5/2025-26/1203, Dated: 27/02/2026

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપી મનપા દ્વારા રૂા.૨.૦૩ કરોડના ખર્ચે બલીઠા સ્મશાનની પુનઃનિર્માણ કામગીરી શરૂ કરવામાં આવી

**ગેસ આધારિત ભઠ્ઠી સાથે સ્મશાન ભૂમિ સુધીના રોડનું નવીનીકરણ કરવામાં આવશે**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૨**

વાપી બલીઠામાં વર્ષોથી કાર્યરત સ્મશાન ભૂમિ જર્જરીત હાલત થઈ ગઈ છે. આજુબાજુના ગામડાઓ માટે મહત્ત્વની ગણાતી બલીઠા સ્મશાન ભૂમિ ટૂંક સમયમાં કાયાકલ્પ થનાર છે. મહાનગરપાલિકા દ્વારા રૂા.૨.૦૩ કરોડના ખર્ચે નવી આધુનિક સ્મશાન ભૂમિ બનાવવાનું નિર્માણ કાર્ય શરૂ થઈ ચૂક્યું છે.

વાપી મહાનગરપાલિકાની રચનામાં ૧૧ જેટલા ગામો સમાવિષ્ટ કરાયેલા છે. તેથી નવિન સામેલ ગામોની પ્રાથમિક સુવિધાઓ માટે મનપા કટીબધ્ધ થઈ રહી છે તે અનુસાર જર્જરિત થઈ ગયેલ બલીઠા સ્મશાનનો કાયાકલ્પ શરૂ કરાયો છે. સાથે સાથે સ્મશાન સાથે સંકળાયેલ સુવિધાઓ પણ ઉપલબ્ધ થશે. નવા સ્મશાનમાં ગેસ આધારિત ભઠ્ઠી તૈયાર કરવામાં આવશે. તદઉપરાંત સ્મશાન ભૂમિ સુધી જતા રોડનું પણ નવિનિકરણની કામગીરી હાથ ધરાશે. વાપી ઉત્તર-પૂર્વ બલીઠા, મોરાઈ, સલવાવ જેવા ગામો માટે આવશ્યક એવા કાર્યો ટૂંક સમયમાં ઉપલબ્ધ થનાર છે.

# વાપીમાં તમામ વિસ્તારોમાં આસ્થાપૂર્વક હોળી પ્રાગટ્ય કરવામાં આવ્યું: ભાવિકોએ પ્રદક્ષિણા સાથે પૂજા-અર્ચના કરી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૨**

ભારતીય આર્ય સંસ્કૃતિમાં તહેવાર પર્વ ઉત્સવનું પુરી આસ્થા સાથે ઉજવણી કરવાની પરંપરા છે. દેશભરમાં હોળીની ઉજવણી કરવામાં આવે છે તે અંતર્ગત આજે વાપી સહિત વલસાડ જિલ્લામાં હોલિકાનું આસ્થાપૂર્વક પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ભાવિકોએ હોળીની પ્રદક્ષિણા કરી પૂજા-અર્ચના કરી હતી.

હોળીનો તહેવાર ફાગણ મહિનાની પૂર્ણિમાએ ઉજવાય છે. જે વસંતના આગમનનું પ્રતિક છે, હોલિકા દહન દુષ્ટતાનો નાશની કથાનો મહિમા સંકળાયેલો છે. હોળીના બીજા દિવસે વિજયોત્સવ એટલે કે ભક્ત પ્રહલાદને મારવા રાક્ષસ હિરણ્યકશ્યપની બહેન હોલિકા તેને ખોળામાં લઈને બેઠી હતી. પ્રહલાદ બચી ગયા અને હોલિકાનો નાશ થયો તેનો આનંદ ઉત્સવ બીજા દિવસે રંગોથી ધૂળેટીની ઉજવણી કરે છે. યુગોની પરંપરા આજદિન સુધી પ્રવર્તી રહી છે. દુનિયા યુદ્ધમાં સપડાઈ છે જ્યારે ભારત હોળી ઉજવી રહ્યો છે.



# વલસાડ કકવાડીનો યુવાન ઈરાનના ચરક શહેરમાં યુદ્ધમાં ફસાયો: છેલ્લા ત્રણ દિવસથી પરિવાર સાથે સંપર્ક તૂટી ગયો

**કકવાડીનો જયંતિભાઈ ટંડેલ એક વર્ષ પહેલા શીપમાં ઈરાન નોકરી ધંધાર્થે ગયો હતો**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૨**

તાજેતરમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધની સ્થિતિમાં અનેક ગુજરાતીઓ ઈરાનમાં ફસાયા છે. વલસાડના કકવાડી ગામનો યુવાન ઈરાનના ચરક શહેરમાં ફસાઈ ગયો છે. પરિવાર સાથેનો સંપર્ક છેલ્લા ત્રણ દિવસથી તૂટી ગયો છે. તે પરિવાર મુંજવણ અને ચિંતાની સ્થિતિમાં મુકાઈ ચૂક્યો છે.

ઈરાન, અમેરિકા, ઈઝરાઈલ વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે. રોજે રોજ તબાહીના સમાચારો આવી રહ્યા છે. ગુજરાત અને દક્ષિણ ગુજરાત વલસાડના અનેક લોકો નોકરી ધધાંર્થે ઈરાનમાં કામકાજ કરી રહ્યા છે. આ યુદ્ધમાં વલસાડ કકવાડી ગામના જયંતિભાઈ ટંડેલ ઈરાનના ચરક શહેરમાં ફસાઈ ગયા છે. ૧ વર્ષ પહેલા તેઓ શીપમાં ઈરાન ગયા હતા. સાથે છેલ્લા ત્રણ દિવસથી સંપર્ક તૂટી ગયો છે. તેથી પરિવાર ખુબ ચિતાંતુર બન્યો છે. જયંતિભાઈ જેવા અનેક કિસ્સા હવે ક્રમશઃ પ્રકાશમાં આવશે તે નક્કી છે. વર્તમાન યુદ્ધ વર્લ્ડવોરની સ્થિતિમાં આગળ વધી રહ્યું છે. ઈરાન ગલ્ફ કન્ટ્રીના નવ જેટલા ખાડી દેશોમાં પણ મિશાઈલ અને બોમ્બ ફેક્યો છે. ખાડી દેશોમાં પણ અનેક ગુજરાતી ફસાયા હોવાના સમાચારો મળી રહ્યા છે.

# વાપી કરવડ ગામે ૯.૧૩ લાખનો ૧૩,૭૩૦ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો ઝડપાયો: એક મહિલા સહિતની ટોળકીની અટક



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૨**

વાપી વિસ્તારમાં પ્રતિબંધિત ગાંજા વેચાણનું ધમધમી રહ્યુ છે. તેવું ઉપરાઉપરી બનતી ઘટનાઓએ સાબિત કર્યુ છે. હજુ ગઈ કાલે ચણોદમાં ગાંજાનું વેચાણ કરતો યુવક ઝડપાયો હતો. ત્યાંજ આજે સોમવારે વાપી નજીક કરવડ ગામેથી ગાંજાના નેટવર્કનો એસ.ઓ.જી.એ પર્દાફાશ કર્યો છે. રૂા.૯.૧૩ લાખના ૧૩,૭૩૦ કીલોગ્રામ ગેરકાયદે ગાંજાના જથ્થા સાથે એક મહિલા સહિતની ટોળકી પોલીસે ઝડપી પાડી છે.

વલસાડ એસ.ઓ.જી.ને મળેલી બાતમીના આધારે કરવડ ગામે એક ચાલીમાં રેડ કરી હતી. કાર્યવાહીમાં ઘટના સ્થળેથી પોલીસે ૧૩,૭૩૦ કીલોગ્રામ કિ.૯.૧૩ લાખનો ગેરકાયદે ગાંજાના જથ્થા સાથે આરોપી ટોળકી ઝડપાઈ હતી. પકડાયેલ આરોપીઓમાં શોકત કરીમ ખલીફા (૫૭) રહે. પીરમોરાનગર ડુંગરા, મનસુસિંહ વિનોદસિંહ (૨૯) રહે. કરવડ, સરસ્વતિ ઈન્દ્રજીત ભોઈ(૩૯) રહે. કટક ઓરિસ્સા, ગણેશ રીતુ પૂર્તિ(૩૯) રહે. મયુરગંજ ઓરિસ્સા તથા એક સગીરની પોલીસે ધરપકડ કરી હતી. એન.ડી.પીએચ એક્ટ ૧૯૮૫ની વિવિધ કલામો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. એસ.ઓ.જી.ની કાર્યવાહીથી ગાંજા નેટવર્ક ચલાવનારામાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ખાડી દેશોમાં ફસાયેલા વલસાડ-નવસારીના યાત્રિકો માટે સાંસદ ધવલભાઈ પટેલે હેલ્પલાઈન શરૂ કરી

**પ્રવાસીનું નામ, જે-તે દેશનું નામ, પાસપોર્ટ નંબર, દક્ષિણ ગુજરાતમાં રહેતા સંબંધીની વિગતો અને રહેઠાણ સરનામું સાંસદ ઓફિસ મો.નં.૮૧૪૦૩૪૭૭૧૩ ઉપર જણાવો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૨**

હાલમાં અમેરિકા, ઈજરાઈલ અને ઈરાનનું યુધ્ધ ચાલી રહ્યું છે. ઈરાન યુધ્ધમાં ખાડીના નવ જેટલા દેશો ઉપર મિશાઈલો ચલાવી છે. અબુધાબી, કતાર, યુએઈ, દુબઈ જેવા દેશોમાં હજારો ભારતીયો કામ કરી રહ્યા છે. કેટલાક ફરવા પણ ગયા છે. યુધ્ધની વિષમ પરિસ્થિતિમાં ફસાયેલા વલસાડ, નવસારી જિલ્લાના લોકો માટે સાંસદ ધવલ પટેલ દ્વારા ખાસ હેલ્પ લાઈન સેવા કાર્યરત કરાઈ છે.



યુધ્ધમાં ફસાયેલા વલસાડ-નવસારી જિલ્લાના પ્રવાસી કે કર્મચારીઓ ખાડી દેશોમાં વસતા કે ગયેલા યુધ્ધની વિષમ સ્થિતિમાં ફસાયા હોય તેવા લોકો માટે ભારતમાં સુરક્ષિત લાવવા માટે સાંસદ ધવલ પટેલના કાર્યાલય દ્વારા ખાસ હેલ્પ લાઈન સુવિધા કાર્યરત કરવામાં આવી છે. આ માટે પ્રવાસીની તમામ વિગતો પાસપોર્ટ નંબર, હાલ જે દેશમાં અટવાયા હોય તે દેશનું નામ, ફલાઈટ ડીટેઈલ, કુલ પ્રવાસીની સંખ્યા, ડાંગ, વલસાડ નવસારીમાં રહેતા સબંધીની વિગતો મોબાઈલ તથા ફસાયેલ વ્યક્તિનું સ્થાનિક સરનામા સાથે તમામ વિગતો સાંસદ કાર્યાલય વલસાડ મોબાઈલ નંબર ૮૧૪૦૩ ૪૭૭૧૩ ઉપર મોકલવા વિનંતી કરાઈ છે. તેથી જે તે દેશની ભારતીય રાજદુત કચેરીઓનો સંપર્ક કરી પ્રવાસીઓને સુરક્ષિત ભારત લાવવાની તજવીજ હાથ ધરવામાં આવશે. ગુજરાત સરકાર તરફથી પણ પુર્ણ સહયોગ મળી રહ્યો છે.

# અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિને પગલે ચીખલી તાલુકા સહિત આજુબાજુના પર જેટલા પ્રવાસીઓની ગ્રુપ ફ્લાઈટ કેન્સલ થતાં દુબઈમાં ફસાતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૨**

અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિને પગલે ચીખલી તાલુકા સહિત આજુબાજુના ૫૨ જેટલા પ્રવાસીઓનું ગ્રુપ ફલાઈટ કેન્સલ થતાં દુબઈમાં ફસાતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ સર્જાવા સાથે સરકાર તમામને સલામત રીતે પરત લાવવા માટેની તજવીજ હાથ ધરે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના દેગામ સ્થિત મિસ્ત્રી હોલિડેઝના માધ્યમથી રાનવેરી ખુર્દ, કુકેરી, વંકાલ, ચાપલધરા ઉપરાંત વલસાડ જિલ્લાના અલગ અલગ વિસ્તારના ૫૨ જેટલા પ્રવાસીઓનું ગ્રુપ ૨૬ ફેબ્રુઆરીના રોજ દુબઈના પ્રવાસે ગયું હતું. આ ગ્રુપનો પ્રવાસ પૂર્ણતાને આરે હતો અને અત્યાર સુધીમાં પાંચ રાત્રી અને છ દિવસમાં દુબઈના બુર્જ ખલીફા, મિરેકલ ગાર્ડન સહિતના મોટેભાગના સ્થળોની મુલાકાત પૂર્ણ થઈ હતી અને હાલના દિવસોમાં આબુધાબી, ગ્લોબલ વિલેજ સહિતના સ્થળોએ ફરવા જવાનું આયોજન હતુ તે દરમિયાન છેલ્લા ત્રણેક દિવસોથી અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ઈરાન પર ભિષણ હુમલા બાદ અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિ સર્જાતા ફલાઈટ કેન્સલ થતાં આ તમામ પ્રવાસીઓ દુબઈમાં ફસાઈ જવા પામ્યા છે.

જોકે, આજે પણ તેઓ દુબઈમાં ફરી રહ્યા હતા અને હાલે તેઓ દુબઈના બરદુબઈ મીના બજાર વિસ્તારની હોટલમાં રોકાયા છે. તેઓની ઈન્ડિગોની ત્રણ માર્ચની ૨૨:૪૫ કલાકની દુબઈના ફુજાઈરાહ એરપોર્ટ પર મુંબઈ માટેની ફલાઈટ હતી. પરંતુ તે રદ થતા અહીં પરિવારજનોમાં ચિંતાના વાદળો છવાયા છે અને હવે ભારત સરકાર દરમિયાનગીરી કરી તમામને સ્વદેશ પરત લાવવા માટે તજવીજ કરે તેવો આશાવાદ સેવી રહ્યા છે.

મિસ્ત્રી હોલિડેઝના કલ્પેશભાઈ મિસ્ત્રીના જણાવ્યાનુસાર અમે બધા પ્રવાસીઓ સાથે દુબઈમાં જ છે અને અમારા મોટેભાગના સ્થળોનો પ્રવાસ પૂરો થઈ ગયો હતો. પરંતુ અમારી ત્રીજી તારીખની ફલાઈટ કેન્સલ થતા અહીં રોકાયા છે અહીં ખાસ ભાઈનો માહોલ નથી અને આજે પણ સ્થાનિક વિસ્તારમાં ફરવા ગયા હતા બધા હેમખેમ છે અને હવે ફલાઈટ ચાલુ થાય એટલે પરત આવીશું કોઈએ ચિંતા કરવી જેવી નથી.

રાનવેરી ખુર્દના ટુરિસ્ટ પરિવારના પુત્ર ધવલસિંહ દલપતસિંહ ચૌહાણના જણાવ્યાનુસાર મારા પિતા દુબઈમાં છે તેમની સાથે ફોન પર વાતચીત થયા કરે છે પરંતુ હવે ભારત સરકાર તમામ પ્વાસીઓને સલામત રીતે પરત લાવવા માટે પ્રયત્ન હાથ દરે તેવી અમે માંગ કરી રહ્યા છે.

ચાપલધરાના પ્રવાસી શ્રી પ્રવિણસિંહ પરમારના જણાવ્યાનુસાર અમારૂ ગ્રુપ હાલે દુબઈમાં છે અને યુદ્ધના પગલે ફલાઈટ કેન્સલ થતા અમે હોટલમાં રોકાયા છે હવે ઝડપથી ફલાઈટ શરૂ થાય અને અમે વતન આવી શકીએ એવો આશાવાદ રાખી રહ્યા છે અહીં અમોને બીજી કોઈ તકલીફ નથી બસ લાઈટ ચાલુ થાય તે જરૂરી છે.

# વાપીમાં ગુજરાત જાટ સમાજ વિકાસ પરિષદ દ્વારા યોજાયેલ હોલી સ્નેહમિલન સમારોહમાં ફાગણના રંગ છવાયા






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૨**

ઉદ્યોગનગરી વાપીમાં હોળી સ્નેહમિલન સમારોહની ધૂમ ચાલી રહી છે. જાટ સમાજ વિકાસ પરિષદ દ્વારા જાટ સમાજ સભાગૃહમાં આયોજીત સમારોહમાં રાઘવદાસ ભક્ત મંડળના લોક કલાકારો અમિત શર્મા અને સાથીઓએ હોળી ગીતોની શાનદાર પ્રસ્તુતિ કરી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વાપી ભવિષ્ય નીધિ જોઈન્ટ કમિશનર પૂનમ ચૌધરીએ હોળીની શુભકામના પાઠવતા સમાજ દ્વારા કરાયેલ આયોજનની સરાહના કરી હતી. તેમણે સમાજની મહિલાઓને આગ્રહ કર્યો હતો કે, 'પ્રધાનમંત્રીની બેટી બચાવો, બેટી પઢાવો' મંત્રને સાકાર કરીને સક્રિય ભૂમિકા અદા કરે તેમજ પોતાના સ્વપ્ન સાકાર કરી મદદગાર બને. પોતાની સફળતાનો શ્રેય તેઓએ માતા-પિતાને આપ્યો હતો. ખાસ મહેમાન તરીકે જીએસટી અધિક્ષક શ્રી ઉમરામ ચૌધરી, નિરીક્ષક શ્રી સુમિત કુમાર તેમજ રાજસ્થાન પ્રગતિ મંડળના ટ્રસ્ટી શ્રી બી.કે. દાયમા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી બી.કે. દાયમાએ જણાવ્યું હતું કે, હોળીનો તહેવાર આપણને સમરસતા સાથે લોક સંસ્કૃતિ સાથે જોડાવાની પ્રેરણા આપે છે. કાર્યક્રમનું સંચાલન રામસિંહ સહારણે કરતા ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. રાજસ્થાની ગ્રુપ દ્વારા મહેશ ભવનમાં હોળી ઉત્સવ અને સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. જેમાં યશ બિયાણા ભાયંદર, પિયુષ પીપલવા મુંબઈ, યુમીન મીના સહિત લોક કલાકારોએ પ્રસ્તુતિ કરી ભરપૂર મનોરંજન કરાયું હતું સાથે સાથે ગ્રુપના રમેશ સરાવગી, રાજેન્દ્ર ટિબરેવાલ અને સાથીઓએ સહયોગ આપ્યો હતો.

# દુદાણામાં લીમડાવાળા દાદાનો પ્રથમ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દુદાણા, તા.૦૨**

સોરાષ્ટ્રના બગદાણા પાસે દુદાણામાં અંબારામ દાદા શુક્લ અને કલ્યાણજી દાદા જોષી પરિવાર દ્વારા ઈષ્ટદેવ લીમડાવાળા દાદાનો પ્રથમ પાટોત્સવ આનંદ, ઉલ્લાસ સાથે ધામધૂમ થી ઉજવાયો હતો, જેમાં પ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લ, શ્રી ખંડુભાઈ જોષી, શ્રી પંકજભાઈ જોષી, શ્રી દેવુભાઈ જોષી, શ્રી મેહુલભાઈ જાની, શ્રી દીપકભાઈ જોષી, શ્રી મિતેશભાઈ જોષી, શ્રી મયુરભાઈ દવે, ડા., જય ગુજરાતી, શ્રી ચેતન જાની, શ્રી સી. ડી. જોષી, શ્રી દિનુભાઈ જોષી, શ્રી કિશોરભાઈ જોષી, શ્રી યોગેશભાઈ જોષી, શ્રી અનિલભાઈ જોષી, સરપંચ શ્રી ભોજાભાઈ ભાદરકા, શ્રી ગવાદાદા, શ્રી પ્રવીણ જોષી સહિત ધરમપુર, વલસાડ, નવસારી, સુરત, મુંબઈ, અમદાવાદ અને મહુવાથી પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી હિતેષભાઈ પોપટલાલ જોષી તરફથી ગામ ધુમાડો બંધ કરીને ભોજનપ્રસાદ અપાયો હતો, આવતા વરસનો ભોજનપ્રસાદ શ્રી અંબરીશ શુક્લ (ઓસ્ટ્રેલિયા) અને શ્રી કૃષ્ણ શુક્લ (કેનેડા) તરફથી જાહેર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આચાર્ય શ્રી ભાવેશ જાની દ્વારા લઘુરૂદ્ર યજ્ઞ સંપન્ન થયો હતો, જોષી પરિવારની યુવા ટીમ અંકુર શુક્લ, નયન જોષી, ઋષિ જોષી, ચિરાગ જોષી, જય જોષી, પ્રીત જોષી, ચિંતન જોષી, દ્રુમિલ જોષી, કુશ જોષી, કાનો જોષી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. જોષી પરિવારના તમામ દીકરી જમાઈઓ અને સ્વજનોની ઉપસ્થિતિથી રંગે ચંગે ભોળાનાથનો પાટોત્સવ ઉજવાયો હતો.